**આજનો સુવિચાર**

મનુષ્યનું ઉત્થાન અને પતન ભાવથી થાય છે વસ્તુ પરિસ્થિતિ વગેરેથી નહીં

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૬૩ જૂનાગઢ તા.૨૬-૦૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)



## આધુનિક અને ઝડપી રેલવે

# મોદી સરકારની ગેરંટી



**અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ₹૪૧ હજાર કરોડના ખર્ચે દેશભરનાં ૫૫૪ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ તથા ૧૫૦૦ રોડ ઓવર બ્રિજ/ અંડરપાસનું**

**શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ**








## ગુજરાત ના

## ૪૬ રેલવે સ્ટેશનો નો પુનઃવિકાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ અમદાવાદ | ■ જામનગર | ■ બારડોલી | ■ દાહોદ | ■ સામાખ્યાલી | ■ ભીલડી | ■ જામ જોધપુર | ■ મહુવા | ■ કાનાલુસ જં. | ■ ગોધરા |
| ■ જૂનાગઢ જં. | ■ વાંકાનેર | ■ ઉમરગામ રોડ | ■ સચીન | ■ હાપા | ■ સિદ્ધપુર | ■ મણિનગર | ■ ઉત્રાણ | ■ પોરબંદર | |
| ■ રાજકોટ જં. | ■ સાયણ | ■ કીમ | ■ દ્વારકા | ■ લીમખેડા | ■ ઉંઝા | ■ વેરાવળ | ■ ગોંડલ | ■ કરમસદ | |
| ■ બીલીમોરા જં. | ■ વાપી | ■ થાન | ■ મોરબી | ■ વટવા | ■ રાજુલા જં. | ■ ચાંદલોડિયા | ■ પડધરી | ■ ઓખા | |
| ■ અંકલેશ્વર | ■ મહેમદાવાદ ખેડા રોડ | ■ ભેસ્તાન | ■ મહેસાણા જં. | ■ ખંભાળિયા | ■ લીંબડી | ■ ચોરવાડ રોડ | ■ ભાટીયા | ■ કોસંબા જં. | |

- સિટી સેન્ટરના સ્વરૂપમાં પુનઃવિકાસ - રૂફ પ્લાઝા, શોપિંગ ઝોન, ફૂડ કોર્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા વગેરે જેવી સુવિધાઓ
- પ્રવેશ અને નિકાસ માટે અલાયદાં દ્વાર, બહુસ્તરીય પાર્કિંગ, લિફ્ટ, એસ્કેલેટર, લાઉન્જ, પ્રતીક્ષાલય, ટ્રાવેલ્ટર, દિવ્યાંગજન અનુકૂળ સુવિધાઓ
- કનેક્ટિવિટી મલ્ટી-મોડલ એકીકરણથી પુનઃવિકસિત સ્ટેશન બનશે ક્ષેત્રના સામાજિક-આર્થિક પ્રગતિનાં કેન્દ્ર

તેમજ

## ૧૩૫ રોડ ઓવરબ્રિજ/અંડરપાસનું નિર્માણ

- માર્ગ અને રેલવે પરિવહનનો અવરોધ રહિત અવર-જવર
- સ્થાનિક રહેવાસીઓ માટે રેલવે લાઇનની બંને તરફ આવવાની-જવાની સુરક્ષિત અને સરળ સુવિધા
- પ્રવાસ સમયમાં બચત થશે

# નરેન્દ્ર મોદી

**વડાપ્રધાન**

દ્વારા

**૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ | સવારે ૧૧:૦૦ કલાકે**

(વીડિયો કોન્ફ્રેન્સિંગ મારફતે)

**ગરિમામયી ઉપસ્થિતિ**

**અશ્વિની વૈષ્ણવ**
કેન્દ્રીય રેલવે, સંચાર તથા ઈલેક્ટ્રોનિક્સ અને સુચના પ્રૌદ્યોગિકી મંત્રી

**રાવસાહેબ પાટીલ દાનવે**
કેન્દ્રીય રેલવે, કોયલા અને ખાણ રાજ્ય મંત્રી

**દર્શના જરદોશ**
કેન્દ્રીય રેલવે અને કપડા રાજ્ય મંત્રી

DD NEWS પર કાર્યક્રમ નું લાઇવ પ્રસારણ જુઓ

# જ્ઞાનવાપી મસ્જિદનાં ભોંયરામાં પુજા ચાલુ રહેશે : અલ્હાબાદ હાઈકોર્ટે મુસ્લીમ પક્ષની અરજી ફગાવી



વારાણસી તા. ૨૬
વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસ ભોંયરામાં હિન્દુઓની પૂજા ચાલુ રહેશે. અલાહાબાદ હાઈકોર્ટે આ નિર્ણય આજે ૨૬ ફેબ્રુઆરીએ આપ્યો છે. આ પહેલાં વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે હિન્દુઓને વ્યાસ ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો હતો. ત્યારબાદ ૩૧ જાન્યુઆરીની રાત્રે ભોંયરામાં પૂજા શરૂ થઈ હતી.

મુસ્લિમ પક્ષ એટલે કે અંજુમને ઈન્તેઝામિયા મસ્જિદ કમિટિએ વ્યાસ ભોંયરામાં પૂજા પર પ્રતિબંધ મૂકવા માટે અરજી દાખલ કરી હતી. મુસ્લિમ પક્ષે હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે ભોંયરું લાંબા સમયથી તેમના અધિકારક્ષેત્રમાં છે. આ જ્ઞાનવાપી મસ્જિદનો એક ભાગ છે અને ડીએમ સહિત વહીવટીતંત્રએ ઉતાવળમાં પૂજા શરૂ કરી હતી જ્યારે તેના માટે સમય હતો. ભોંયરામાં પૂજા તરત જ બંધ કરી દેવી જોઈએ. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે હિન્દુ અને મુસ્લિમ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ ૧૫ ફેબ્રુઆરીએ વ્યાસ તેહખાનામાં પૂજા અંગે નિર્ણય અનામત રાખ્યો હતો.

વારાણસી કોર્ટે ૩૧ જાન્યુઆરીની રાત્રે વ્યાસ પરિવારને જ્ઞાનવાપીના વ્યાસ ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો હતો. મુસ્લિમ પક્ષે સુપ્રીમ કોર્ટમાં વિશેષ અરજી દાખલ કરીને પૂજા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો હતો અને મુસ્લિમ પક્ષને સૌપ્રથમ હાઈકોર્ટનો સંપર્ક કરવા સૂચન કર્યું હતું.

મુસ્લિમ પક્ષ એટલે કે અંજુમનનાં વકીલ મુમતાઝ અહેમદનું કહેવું છે કે વ્યાસ તહખાના મસ્જિદનો જ એક ભાગ છે. આ વકફ બોર્ડની મિલકત છે. તેથી પૂજાની મંજૂરી આપી શકાય નહીં. નિર્ણય બાદ મુસ્લિમ પક્ષના વકીલ મેરાજુદ્દીને કહ્યું કે આ નિર્ણય યોગ્ય નથી. જોકે, ભોંયરાના પરંપરાગત પૂજારી એવા વ્યાસ પરિવારના શૈલેન્દ્ર વ્યાસે પૂજા કરવાની પરવાનગી માંગતી અરજી કરી હતી અને ભોંયરામાં પૂજા શરૂ કરવામાં આવી હતી.

“જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા”

## આજે વર્લ્ડ હેરીટેઝ સીટી અમદાવાદનો ૬૧૩મો સ્થાપના દિવસ

અમદાવાદ તા. ૨૬
આજે અમદાવાદનો હેપ્પી બર્થ ડે છે. આજે અમદાવાદ શહેરની સ્થાપનાને ૬૧૩ વર્ષ પૂર્ણ થયા છે. "જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા" આ વાત અમદાવાદ શહેરની જૂની યાદોને વાગોળતા વડીલોના મુખેથી સાંભળવા મળે છે. ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના દિવસે બાદશાહ અહમદશાહે અમદાવાદ શહેરનો પાયો માણેક બુર્જ પાસે નાખ્યો હતો. અનેક હેરિટેજ સ્થળો અમદાવાદ શહેરમાં આવેલા છે. જેના થકી વિશ્વનું સૌપ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે અમદાવાદ ઓળખ ધરાવે છે. અમદાવાદ શહેરની ઓળખ એવા હેરિટેજ સ્થળો ભદ્રનો કિલ્લો, રાણીનો હજીરો, અહેમદશાહ બાદશાહનો રોજો અને માણેકચોક. આ સ્થળો આજે નોધારી હાલતમાં જોવા મળે છે.

આજે અમદાવાદ શહેરના સ્થાપના દિવસે વર્લ્ડ હેરિટેજ સિટી જે હેરિટેજ ઓળખ ધરાવતું શહેર છે. જે બાદશાહે શહેરની સ્થાપના કરી હતી, એવા અહેમદ શાહ બાદશાહના રોજા અને રાણીના હજીરાની હાલત આજે ખૂબ જ દયનીય છે. આસપાસમાં દબાણો થઈ ગયા છે.

જ્યારે ભદ્રનો કિલ્લો તો કોઈ વ્યક્તિ ત્યાં જાય તો પહેલી નજરે તો તેને ખબર જ ન પડે, તેમને કોઈ માર્કેટમાં આવી ગયા છીએ તેવી અનુભૂતિ થાય છે. ભદ્રનો કિલ્લો તો ક્યાંય જોવાલાયક હોય તેવું દેખાતું જ નથી. ગુરુ માણેકનાથની સમાધિની આસપાસ વાહનો અને લારીઓના જમાવડા થઈ ગયા છે.

## રૂા. ૨૦૦૦ની નોટ પાછી ખેંચાવાની ચલણમાં અસર દેખાઈ : રોકડ વૃધ્ધિદર ઘટીને ૩.૭૦ ટકા

મુંબઈ,તા.૨૬
રિઝર્વ બેંકે રૂા.૨૦૦૦ની નોટને ચલણમાંથી હટાવવાની અસર દેખાવા લાગી છે. આંકડા મુજબ ૯ ફેબ્રુઆરીએ પૂર્ણ થતા સપ્તાહમાં ચલણમાં મુદ્રાની વૃધ્ધિ એક વર્ષ પહેલાના ૮.૨ ટકાથી ઘટીને ૩.૭ ટકા રહી ગઈ છે.

ચલણમાં મુદ્રા (સીઆઈસી)નો મતલબ ચલણમાં મોજૂદ નોટો અને સિક્કા સાથે છે, જયારે જનતા પાસે મોજૂદ મુદ્રાનો મતલબ બેંકો પાસે જમા રોકડને ઘટાડીને ચલણમાં મોજૂદ નોટો અને સિક્કાનો હોય છે.

ઉલ્લેખનીય છે કે, આરબીઆઈએ ૧૯ મે ૨૦૨૩ના ૨૦૦૦ રૂપિયાની નોટ ચલણમાંથી પાછી લેવાની જાહેરાત કરી હતી. ૩૧ જાન્યુઆરી સુધીમાં ૨૦૦૦ રૂપિયાની લગભગ ૯૭.૫ ટકા નોટો બેંકીંગ સિસ્ટમમાં પાછી આવી ગઈ હતી.

## કિસાન આંદોલનનો આજે ૧૪મો દિવસ ખેડૂતોની ટ્રેક્ટર રેલી અટકાવાઈ

અંબાલા તા. ૨૬
આજે સોમવારે કિસાન આંદોલનનો ૧૪મો દિવસ છે. ખેડૂતોએ ૨૯ ફેબ્રુઆરી સુધી દિલ્હી કૂચ કરવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. જો કે ખેડૂતો મોટી સંખ્યામાં પંજાબ-હરિયાણાની શંભુ અને ખનૌરી બોર્ડર પર રોકાયેલા છે. નોઈડા અને ગ્રેટર નોઈડાના જુદા જુદા વિસ્તારોમાંથી ખેડૂતોની ટ્રેક્ટર રેલી કાઢવામાં આવી છે. મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર લઈને યમુના એક્સપ્રેસ વે પર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો કે, સાવચેતીને ધ્યાનમાં રાખીને નોઈડા પોલીસે યમુના એક્સપ્રેસ વેના એન્ટ્રી પોઈન્ટ પર ખેડૂતોની ટ્રેક્ટર રેલી અટકાવવામાં આવી છે. પોલીસ કોઈપણ સંજોગોમાં ખેડૂતોને અહીંથી આગળ જવા દેવા માંગતી નથી. ખેડૂત નેતા રાકેશ ટિકૈતનું કહેવું છે કે તેઓ સંયુક્ત મોરચાની બેઠક માટે ચંદીગઢ ગયા હતા. તેમણે ૬ સભ્યોની કમિટી બનાવી છે. સંયુક્ત મોરચાથી અલગ થયેલા તમામ ખેડૂતો સંગઠનો સાથે વાટાઘાટો કરવા માટે આ કમિટા બનાવવામાં આવી છે. જો કોઈ સંગઠન સંયુક્ત મોરચામાં સામેલ થવા ઈચ્છે છે તો તે કમિટી સાથે વાત કરી શકે છે.

લોકસભાની ચૂંટણી માટે ભાજપ ટોપ ગીયરમાં

## ગુજરાતની લોકસભાની તમામ ૨૬ બેઠકો માટે આજથી જ સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ : ગાંધીનગરથી રાતો રાત આદેશ છુટયા

ગાંધીનગર તા. ૨૬
દેશમાં લોકસભા ચૂંટણીઓ બહુ ઝડપથી નજીક આવી રહી છે તેવા સંકેતમાં ગુજરાતમાં ભાજપે આજે પુરા રાજયમાં ઉમેદવારોની પસંદગી માટે ઈન્સ્ટન્ટ સેન્સ ગોઠવી છે અને ગતરાત્રે ગાંધીનગરથી છુટેલા આદેશો મુજબ આજે બપોરે રાજયની તમામ ૨૬ લોકસભા બેઠક પર બપોરે ૧ થી ૬ સુધીમાં સેન્સ યોજાશે અને આ માટે પ્રદેશ સહિતના નિરીક્ષકોને તાકીદે તેમને ફાળવેલી લોકસભા બેઠક પર પહોંચી જવા સૂચના આપવામાં આવી છે.

સામાન્ય રીતે ભાજપ સેન્સ પ્રક્રિયા અંગે અગાઉથી જાહેરાત કરે છે અને તેમાં નિરીક્ષકો તેમજ અપેક્ષીતો અંગે પણ માહિતી આપે છે તે વચ્ચે ગઈકાલે રાત્રે ઓચિંતા જ તમામ જિલ્લા અને પ્રદેશ પ્રમુખોને મળેલી સુચના મુજબ પ્રદેશના ત્રણ નિરીક્ષકો આજે તેમના ફાળવાયેલા મત વિસ્તારમાં પહોંચી રહ્યા છે અને તેઓ બપોરે ૧ વાગ્યાથી સેન્સ પ્રક્રિયા શરૂ કરશે.

લોકસભા ચૂંટણી માટે સેન્સના અપેક્ષીતોની સંખ્યા પણ મર્યાદિત રાખવામાં આવી છે અને જિલ્લા પ્રમુખ, મહામંત્રી, પ્રભારીઓ, ધારાસભ્યો, સ્થાનિક સાંસદ અને પ્રદેશ કક્ષાના અગ્રણીઓ આ રીતે કુલ ૧૦૦ થી ૧૨૫ લોકોને સેન્સ આપવા માટે આમંત્રણ અપાયું છે. આમ ઓચિંતી યોજાયેલી સેન્સ પાછળ આગામી તા. ૨૯ ફેબ્રુઆરી નારોજ ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની પ્રથમ બેઠક મળી રહી છે અને તેમાં ૧૦૦થી વધુ નામોની જાહેરાત થનાર છે. તે સમયે ગુજરાતના નામોને પણ જાહેર કરી દેવાઈ તેવી શકયતા દર્શાવાઈ રહી છે. બીજી તરફ આજે જ ગાંધીનગરમાં રાજયભરમાંથી તમામ મહાનગરપાલિકાના મેયર, સ્ટે.ચેરમેન ઉપરાંત પૂર્વ મેયર અને પૂર્વ સ્ટે.ચેરમેનને તાત્કાલીક કમલમ ખાતે બોલાવાયા છે અને બપોરે ૧૨ વાગ્યે તેમની સાથે પોલીસી મેટર અંગે ચર્ચા થશે તેવું જાહેર કરાયું છે.

આમ ભાજપે જે રીતે ચૂંટણી કામગીરીને ટોપ ગીયરમાં નાખી છે અને સેન્સમાં કોઈને ચૂંટણી લડવાની રજુઆત પણ કરવાની મર્યાદિત તક મળશે અને બીનગંભીર ઉમેદવારોની જે તે સ્થળેથી બાદબાકી કરી દેવાશે.

## ૧ જુલાઈથી નવી ભારતીય ન્યાય સંહિતા અમલી બનશે હીટ એન્ડ રનની જોગવાઈ હાલ લાગુ નહી થાય



નવી દિલ્હી,તા.૨૬
દેશભરની કોર્ટોમાં લગભગ પાંચ કરોડ કેસો પેન્ડીંગ છે. તેમાંથી ૪.૪૪ કરોડ કેસ ટ્રાયલ કોર્ટમાં છે. જેને જોતાં ભારતીય ન્યાય સંહિતામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ટ્રાયલ કોર્ટે દરેક નિર્ણય વધુમાં વધુ ત્રણ વર્ષમાં આપવો પડશે.

આઈપીસીમાં ૫૧૧ કલમો હતી, હવે ૩૫૬ બચી છે. જયારે ૧૭૫ ધારાઓ બદલી ગઈ છે. આ સિવાય ૮ નવી ધારાઓ જોડવામાં આવી. ૨૨ ધારાઓ ખતમ થઈ ગઈ છે. આ રીતે સીઆરપીસીમાં ૫૩૩ કલમો બચી છે.

અગાઉ દુષ્કર્મનાં કેસમાં ધારા ૩૭૫ અને ૩૭૬ હતી હવે ધારા ૬૩ અને ૬૯ હશે ૧૮ વર્ષથી ઓછી વયની બાળકી સાથે દુષ્કર્મનાં કેસમાં આજીવન કારાવાસ અને મોતની સજાની જોગવાઈ છે.

ભારતીય ન્યાય સંહિતામાં ૨૦ નવા અપરાધ જોડવામાં આવ્યા છે. દસ્તાવેજોમાં ઈલેકટ્રોનિક અને ડીઝીટલ રેકોર્ડ પણ સામેલ છે. ૩૩ અપરાધોમાં કારાવાસની સજા વધારવામાં આવી. ૮૩ અપરાધોમાં દંડની સજા વધારાઈ ૬ અપરાધોમાં સામુદાયીક સેવાની સજાની જોગવાઈ કરાઈ.અપરાધના કેસમાં માનસીક બિમારની જગ્યાએ વિક્ષિપ્ત મગજ શબ્દનો ઉપયોગ કરાયો છે. આર્થિક સુરક્ષાનાં ખતરાને પણ આતંકવાદી ગતિવિધી અંતર્ગત લવાશે. આ ઉપરાંત નકલી નોટોનું ઉત્પાદન કરીને નાણાકીય સ્થિરતાને નુકશાન કરવુ, વિદેશમાં સંપતિ નષ્ટ કરવી જે ભારતમાં રક્ષા કે કોઈ સરકારી ઉદેશ માટે હતી. તો આ પણ આતંકવાદી ગતિવિધી તરીકે ઓળખાશે.

હિટ એન્ડ રન મામલે સંબંધીત જોગવાઈ હવે લાગુ નહિં થાય. કેન્દ્રીય ગૃહ સચીવ અજય ભલ્લાએ ગત મહિને જણાવ્યું હતું કે ભારતીય ન્યાય સંહીતાની ધારા ૧૦૬ (૨) ને લાગુ કરવાનો નિર્ણય અખિલ ભારતીય મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસની સલાહ બાદ જ લાગુ કરવામાં આવશે. આ ધારામાં જોગવાઈ છે કે જો કોઈ રાહદારીનું મોત થાય અને ડ્રાઈવર ભાગી જાય તો આ અપરાધ ઈરાદા વગર હત્યા અંતર્ગત આવશે. જેમાં આરોપી ડ્રાઈવરને ૧૦ વર્ષ અને ૭ લાખનો દંડ ભરવાનો હોય છે. ઉપરોકત નવી ભારતીય ન્યાય સંહીતા ૧ જુલાઈ ૨૦૨૪ થી લાગુ પડશે. જયારે હીટ એન્ડ રનની નવી જોગવાઈ હાલ લાગુ નહીં પડે.

## વિશ્વમાં સૌથી સસ્તુ પેટ્રોલ આપનાર એકમાત્ર દેશ ઈરાનમાં ૧ લીટર પેટ્રોલનો ભાવ માત્ર રૂા. ૨.૩૭

નવી દિલ્હી તા. ૨૬ : એક કપ ચાના ભાવે જો તમે ચાર લીટર પેટ્રોલ મળે તો શું કરો ? ખુશ ખુશ થઈ જાઓ કે નહીં ? દુનિયામાં સૌથી સસ્તા પેટ્રોલના ભાવ આજે અઢી રૂપિયાથી પણ ઓછા છે અને આપણા દેશમાં એક ચાની સરેરાશ કિંમત લગભગ ૧૦ રૂપિયા જેટલી છે. આ રીતે જોઈએ તો જયાં પેટ્રોલ ૨.૩૭ રૂપિયે લીટર વેચાઈ રહ્યું છે ત્યાં આપણા ત્યાં એક કપ ચાના ભાવમાં જોઈએ તો ચાર લીટર જેટલું પેટ્રોલ આવી જાય.

ઈરાનમાં એક લીટર પેટ્રોલની કિંમતનાં આવેલા લેટેસ્ટ આંકડા મુજબ ભારતીય ચલણમાં ૨.૩૭ રૂપિયા જેટલી થાય છે. સૌથી મોંઘુ પેટ્રોલ હોંગકોંગમાં વેચાય છે. અહીં એક લીટર પેટ્રોલ માટે ૨૫૮.૪૮ રૂપિયા ખર્ચ કરવા પડે. જયારે આપણા દેશમાં સૌથી મોંઘુ પેટ્રોલ રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ૧૧૩.૪૪ રૂપિયે લીટર છે. આમ તો આજે ભારતમાં જો સૌથી સસ્તું પેટ્રોલ જોઈએ તો પોર્ટબ્લેયરમાં ૮૪.૧૦ રૂપિયા અને ડીઝલનો ભાવ પ્રતિ લીટર ૭૯.૭૪ રૂપિયા છે. જયારે પાકિસ્તાનમાં એક લીટર પેટ્રોલની સરેરાશ કિંમત ૮૧.૬૬ રૂપિયા (ભારતીય કરન્સી પ્રમાણે (ત્યાં મુજબ ૨૭૫.૬૨ રૂપિયા) છે.

## ખેડૂત આંદોલનને કારણે રાજયોની સરહદો સીલ : ગુજરાતમાં દારૂની આવક ધીમી પડી

નવી દિલ્હી,તા. ૨૬: હરિયાણા-પંજાબ સરહદ ખેડૂતોના વિરોધનું કેન્દ્ર બની રહી હોવાથી તેની અસરથી ગુજરાતમાં ટીપલર્સ ઊંચા અને સૂકા પડ્યા છે કારણ કે ભારતીય બનાવટનો વિદેશી દારૂની દાણચોરી નોંધપાત્ર રીતે ધીમી પડી છે. સરહદો દબાયેલી રહે છે અને તેના કારણે પંજાબ અને હરિયાણાથી ગુજરાતમાં ગેરકાયદેસર દારૂના પ્રવાહને અસર થઈ છે.

એક ટોચના પોલીસ અધિકારીએ કહ્યું: ‘છેલ્લા અઠવાડિયાથી હરિયાણા અને પંજાબમાંથી દારૂનો મોટો જથ્થો આવવાનું બંધ થઈ ગયું છે. તાજેતરના દિવસોમાં પકડાયેલ IMFL નાના વાહનોમાં દાણચોરી કરવામાં આવી હતી અને તે પણ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાંથી.’ પુરવઠો ઓછો થતાં ભાવમાં વધારો થયો છે. તમામ બ્રાન્ડ્સમાં રૂ. ૨૫૦ થી ૧,૫૦૦ નો ભાવ વધારો જોવા મળ્યો છે

## કેજરીવાલે ઈડીનું ૭મું સમન્સ પણ ફગાવ્યું : આજે હાજર નહી થાય

નવી દિલ્હી તા.૨૬
દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને ઈડીએ ૭મુ સમન્સ મોકલ્યુ છે પણ તેઓ આજે ઈડી સમક્ષ રજુ નહીં થાય. આમ આદમી પાર્ટીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે મામલો કોર્ટમાં છે અને તેની આગામી સુનાવણી ૧૬ માર્ચ છે, એટલે કેજરીવાલ ઈડીની પુછપરછમાં ઉપસ્થિત નહીં થાય. આમ આદમી પાર્ટીએ ઈડી પર ફટકાર લગાવતા કહ્યું હતું કે ઈડીએ રોજે રોજ સમન્સ મોકલવાને બદલે કોર્ટના નિર્ણયની રાહ જોવી જોઈએ.

અમે ઈન્ડીયા ગઠબંધન નહીં છોડીએ. મોદી સરકારે આવી રીતે દબાણ લાવવું જોઈએ નહી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



:: ફ્લેટ વેચવાનો છે ::
2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦



દાણાપીઠમાં મકાન વેચવાનું છે
વેપારીઓ માટે ગોડાઉન લાયક જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં જુનું મકાન આશરે ૫૦ વાર અને મોરો ૨૦ ફુટ (કિંમત રૂા.૧૫ લાખ)
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨




આ વ્યક્તિ ગૂમ થયેલ છે

નામ : શૈલેષ ભીજીભાઈ પીપળીયા આ વ્યકિત પ્લાસવા પાસે મણીભદ્ર વૃધ્ધાશ્રમ તા. ૧૯-૨-૨૦૨૪, સોમવારથી ગુમ થયેલ છે. જે કોઈને જાણ થાય તેઓ આ નંબર ઉપર જાણ કરે. મો. ૯૫૮૬૪ ૯૪૭૯૮ અથવા જૂનાગઢ તાલુકા પોલીસ ચોકી નં.૬૩૫૯૬ ૨૬૮૭૧ને જાણ કરવા વિનંતી.



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 63, Junagadh : Date : 26 February, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લાખો શ્રધ્ધાળુઓને આકર્ષિત કરતો મહાશિવરાત્રીનો મેળો






ફાઈલ તસ્વીર

## પવિત્ર સ્નાાન (શાહી સ્નારન)નાં નિમીત્તે નિકળનારી સાધુઓની રવાડી (શોભાયાત્રા) તેમજ શ્રદધાળુઓની નિસ્સીમ ભક્તિનું દર્શન એટલે ભવનાથ તિર્થ

જૂનાગઢ૪ તા.૨૬

ગુજરાત અથવા દેશભરમાં ઉજવાતા ભાતીગળ મેળઓમાં કુંભનો મેળાની જેમ મહાદેવ ભોળાનાથના નામ (શિવ)સાથે જોડાયેલ શિવરાત્રીનો મેળો ગરવા ગિરનારની ગોદમાં પ્રતિ વર્ષની માફક આ વરસે પુરા ઉમંગ ઉલ્લહાર સાથે યોજાનાર છે. ગુજરાત પ્રદેશ અનેક ભાતીગળ સાંસ્કૃતિક અસ્મિકતાની ધરોહર છે. વન થી જન સુધી અને ગામ થી નગર સુધી પ્રત્યેશક ભારતવાસી મેળાનાં માણીગર છે. મેળાનાં માધ્યમે સંસ્કા રીતાની ધારા પ્રાંતે પ્રાંતમાં અવિરત વહેતી રહે છે. ભાષા, ધર્મ કે પ્રાંતના વાડાનાં સિમાડા ઓળંગીને એકમેકની સાથે આતપ્રોત થવાનો અનેરો મહીમા એટલે જ મેળા, મન મુકીને મહાલવાનો અનોખો અવસર એટલે મેળો, શિવરાત્રીનો મેળો એ તો હરી સાથે હર અને શિવ સાથે જીવનો સમન્યનો મેળો છે. અહીં હીમાલયની ગુફાઓમાં ધ્યાન ધરતા સિધ્ધપુરૂષો, કાશ્મીરથી કન્યાક કુમારી સુધી પગપાળા યાત્રા કરનારા પરિવ્રાજક(સન્યાયસી)ઓ, અખાડાઓનાં સંતો મહંતોનાં દર્શન થાય છે. તેમની સાથે જો વાત કરવાની તક મળે તો ધ્યાનમાં આવે કે તેઓ જ્ઞાન અને અનુભવોનો સાક્ષાત હિમાલય છે. આટલી વિદ્વત્તા હોવા છતા નમ્રતા, પ્રીતિસભર દ્રષ્ટીન સહુ કોઈને પોતાનામાં સમાવી લેનારા સાગર જેવડી વિશાળ હોય છે. ગુજરાત રાજયમાં કુલ નાના મોટા ૧૫૨૧ જેટલા મેળા ભરાય છે. તેમાં સૌરાષ્ટ્રે પ્રદેશમાં ભવનાથ, માધુપુર, તરણેતરનાં મેળા તો જગ મશહુર છે. તેમાંય ભવનાથ તો ભકિત-ભોજન અને ભજનનો મેળો, તરણેતર નર્તન અને રંગનો મેળો અને માધુપુરનો મેળો એટલે કિર્તન અને રૂપનો મેળો મનાય છે. ગીરનારની મહંતાઈ ધરાવતા મુકતાનંદજી મહારાજ, મહેશગીરીજી મહારાજ, હરિગિરીજી મહારાજ, શેરનાથાજી બાપુ, મહાદેવગીરીજી બાપુ ઈન્દભારતીજી, શૈલજાદેવીજી સહિત સંતો તો કહે છે કે શિવરાત્રી મેળો એ તો ગ્રામિણ ખેડુતોનો મેળો છે અહીં કૃષીકારો અગાઉના વખતમાં અનાજ લઈને આવે અને અન્નક્ષેત્ર દ્વારા લોકોને ભોજનપ્રસાદ પરસતા હવે વખત બદલાયો છે છતાં શિવરાત્રી મેળો એ તો ભજન-ભોજન અને ભક્તિનો જ મેળો બન્યો છે, યાત્રીકોની સેવા માટે અનેક ઉતારા મંડળો, સમાજશ્રેષ્ઠીઓ અન્નક્ષેત્રના માધ્યમે મેળાની ગરીમાને ઉંચાઈ બક્ષે છે.

આમે સોરઠ પ્રદેશનાં લોકો તો ભગવાનને પણ અતિથી બનાવીને ભોજન કરાવી શકે એવી ક્ષમતા ધરાવે તેવા ઈતિહાસનાં પાને કીવદંતી સ્વરૂપ દાખલા સાંભળવા મળે છે. બિલખાનાં શગાળશા અને ચંગાવતી રાણી હોય કે ભક્ત નરસિંહ મહેતા હોય ઈશ્વરની આરાધના કરી ઈશ્વરને આંગણે નિમંત્રી શકે તેવી વાત સાંભળી છે ત્યારે સેવાની સરવાણી સમાન જૂનાગઢ જિલ્લાઈમાં જ પરબવાવડી ખાતે અષાઢી બીજનો મેળો, સતાધારનો મેળો, ભગવાન સોમનાથનાં દ્વાદશ જયોર્તિલીંગ ધામે કાર્તિકી પુનમે ભરાતો મેળો, લીલી પરિક્રમાનો કાર્તિકી એકાદશીનો મેળો, તુલશીશ્યામિનો મેળો, ચોરવાડનો ઝુંડનો મેળો, ગુપ્તેપ્રયાગનો મેળો વગેરે નાના અને મોટા મેળાઓ જૂનાગઢ અને આસપાસનાં પરગણામાં ભાતીગળ રીતે ભરાય છે.

જૂનાગઢ એટલે આમેય સંત શુરા અને સાવજની ભોમકા, અહીં જ કાઠીયાવાડનાં ખમિરવંતા ભોળા માનવે ભગવાનને ?કાઠીયાવાડે કોક દી ભુલો પડ ભગવાન તને મોંઘેરો કરૂ મહેમાન સ્વોર્ગ ભુલાવુ શામળા ? ભોળા ભાવે ભુલો પડી પોતાનાં ઘરે આતિથ્યાભાવે નોતરૂ આપી શકે છે. અહીં અજાણ્યાચને મીઠો આવકારો અપાય છે. ભુખ્યા ને ભોજન અને દુખીને સહાયની સરવાણી કાયમ વહેતી રહે છે. આથી જ સતદેવીદાસ અને અમરમાંના પરબ જેવા ધામે સેવા-સરવાણી વહી હશે. શેઠ શગાળશા જેવા શાહ, દાનબાપુ કે આપા ગીગા જેવા સંતનાં બેસણા આ જિલ્લાોમાં થયા હોય એવી ધરાનું કેન્દ્ર બીંદુ એટલે ગરવા ગીરનારની ગોદ એટલે શિવ અને જીવનો સંગમ, પ્રતિ વર્ષ કુંભ મેળાની નાની આવૃતિ રૂપે મેળો ભરાય છે.

શિવ સ્વંનભુ અને પરબ્રહ્મ છે. એ અનાદી અને અનંત છે. અગ્નીસ્તંભ રૂપે એ જે દિવસે પ્રગટયા એ દિવસ એટલે મહાશિવરાત્રી. આથી શિવપુજનનો એ મુખ્યનદિવસ મનાયો છે. એટલે જ શિવરાત્રી એ શિવની કલ્યા ણકારી રાત્રી મનાઈ છે.

**શંકર સુમિરન તે સદા, તુટે**
**માયા તંત,**
**જપત નિરંતર જોગીજન,**
**સાધક સાધુ સંત,**

મહાદેવ શિવ પાતાળની તપશ્ચર્યા પુર્ણ કરી પર્વતાધિરાજ ગિરનારમાંથી કૈલાસ ગયા એ દિવસથી સિધ્ધ ક્ષેત્ર ગિરનારની તળેટીમાં મહાશિવરાત્રીનો મેળો ભરાતો હોવાનું લોકજીભે ચર્ચાય છે. બ્રહ્મલીન ભોજાબાપા આ મેળાને કમંડળ થી મંડળનો મેળો કહેતા. કમંડળ એટલે સાધુ સંતો, મહંતો, સન્યામસી, સિધ્ધોપ અને સાધકો અને મંડળ એટલે લોકસમુદાય-માનવ મહેરામણ આ બન્નેજ સમુદાયનો આ મેળો છે. ભવનાથ, ભભુતી, ભજન, ભવેશ્વર અને ભોજન એ પાંચ ?ભ? નો સમન્વળયીત મેળો એટલે મહાશિવરાત્રીનો ભાતીગળ મેળો. ઠેક ઠેકાણે સાધુ સંતોની ધુણી ધખતી હોય, ભાવીકો મેળાનાં ભજનની સરવાણી પાન કરતા હોય, બાળકો, માતાઓ-બહેનો મેળાની સંસ્કોરીતાની વાત રજુ કરે ત્યાસરે આ જૂનાગઢના અમર વારસા સમો મહાશિવરાત્રીનો મેળો દૈદિપ્યતમાન બની રહે છે.

શિવ સાથે આમેય સોમનાથથી ભવનાથ સુધીનો અનોખો મહિમા આ જીલ્લા માં રહ્યો છે. ચંદ્ર, શિવ અને સમુદ્રનો રોહીણી નક્ષત્રએ પ્રભાસ તિર્થક્ષેત્રે મિલાપ. આવોજ ઈશ્વર સાથે એકાકરનો અનેરો અવસર એટલે ભવનાથ ક્ષેત્રનો મહાશિવરાત્રીનો મેળો. અહીં પ્રતિ વર્ષ ૫ થી ૬ લાખ શ્રધ્ધા ળુઓ ભવનું ભાથુ બાંધવા પધારે છે.દેશભરમાંથી વિવિધ સંપ્રદાયનાં સાધુ સંતો મહંતો અખાડાનાં સન્યા સીઓ પોતપોતાનાં રસાલા સાથે ધર્મ ધ્વજા અને ધર્મ દંડ સાથે ભવનાથ તિથર્ક્ષેત્રમાં નિવાસ કરે છે. સર્વ સિધ્ધોત, નાથયોગીઓ, ગેબમાં રહેતા અપ્રકટ વસતા અઘોરીઓ, ગુરૂ દતાત્રેય, ગોપીચંદ, અશ્વત્થાધમા, ભૃતુહરી, ગોરખનાથ તેમજ શિવનાં ત્રણ ગણ કાળભૈરવ, બટુકભૈરવ અને ચંદ્રભૈરવ સદેહે આ સમય દરમ્યા ન રેવતાચલ પર્વતની ગિરી તળેટીનાં શિવરાત્રીનાં મેળામાં વિહરતા હોવાની લોકમાન્યવતાને કારણે લોક વિશાળ સમુદાયમાં દર વર્ષે પરંપરાગત ભાગ લેતા આવ્યાળ છે. સાધકોએ અખંડ બાર વર્ષ સુધી શિવરાત્રીની સાધનાં સિધ્ધયક્ષેત્ર ગિરનારમાં કરવાની હોવાથી સાધકોની સંખ્યા પણ ઘણી મોટી હોય છે.

આ મેળામાં એક માન્યોતા પ્રમાણે યક્ષનાં નામે સ્તં ભારોપણ થયુ એમ મનાય છે. મહા વદ ૯ (નવમી)નાં રોજ ભવનેશ્વર મહાદેવનાં મંદિરે ધ્વ જારોપણથી મેળાનો વિધીવત પ્રારંભ થયો છે. મહા વદી ૧૪ (ચૌદશ)ની અર્ધરાત્રીએ પુર્ણ થાય છે. આ દિવસો દરમ્યાન દરેક ઉતારે ભજન-ભોજન, કિર્તન, દુહા, છંદ, લોકવાર્તા અને સંત સમાગમ થાય છે. અખાડાઓમાં ધુણીઓ તપતી હોય છે. સેવાર્થીઓ પોતપોતાનાં ઉતારામાં રાત-દિવસ અખંડ સેવાઓ આપતા થાકતા નથી. મેળામાં બારસ-તેરસ અને ચૌદસ એ ત્રણ દિવસ તો ભરચક માનવ મહેરામણ હિલોળા લેતું નજરે ચડે છે. કુંભમેળાનું નાનકડું રૂપ એટલે આપણો ગરવા ગુજરાતનો આ મેળો. અહીં સાધુ સંતો કેન્દ્રમ સ્થામને છે. સ્કંદપુરાણ, હરિવંશ અને વિષ્ણુપપુરાણમાં ગીરનારનું મહાત્મિય અને વર્ણન પ્રસિધ્ધ હોવાથી ગુજરાત ભરનાં મેળાઓમાં આ મેળો અનોખું સ્થારન ધરાવે છે. શિવરાત્રીનાં દિવસે વહેલી સવારથી જ મૃગીકંડને તાળાબંધી પહેરો લાગી જતો હોય જેમાં દિવસભર પ્રવેશબંધી રહે, દિવસભર જટાધારી સંતો સાધુઓ શિવપાર્વતિનાં વિવાહ મહિમાં ગાતા ગાતા સમાજ-ક્ષેત્રમાં ભ્રમણ કરતા રહે છે. દરેક ઉતારે સવારે ભાંગ-ફળાહાર-પ્રસાદ-ઉપવાસનું અયોજન થાય છે.

શિવરાત્રીની રાત્રે ૧૦ કલાકે જટાધારી, ભભુતધારી, દિગંબર, અતિપુરાતન સાધુઓ તો કોઈ ઉગતી અવસ્થા વાળા વડવાઈ જેવી પગની ધુટી સુધીની પીળી જટા ને લાલઘુમ આંખોવાળા સાધુઓ સન્યાસીઓ, સાધ્વીઓ, દેવીજીઓ અને નાની બાલ્યાવસ્થા વાળા મહાત્માઓ, સંતો, મહંતો હર હર મહાદેવ, બમ બમ ભોલે, ઓમ નમઃશિવાયનાં જયઘોષ સાથે વિશાળ સરઘસ ભવનાથ મહાદેવનાં મંદિર પાછળ આવેલા દશનામી પંચ અખાડામાંથી ભવ્ય શંખઘોષ, ડમરૂ, નાગફણી-ભેરીફુંકતા ભાલા તલવારો, ઢાલની પટ્ટાબાજી ખેલતા લાઠીનાં અને અંગકસરતનાં હેરતભર્યા પ્રયોગો કરતા નિશાન, ડંકા ઝાલર અને ધ્વનજાઓ અને પાલખીઓ સાથે આગળ વધે છે. ભવનાથનાં નિયત કરેલા મેઈન રોડ પર ફરે છે.અખાડાનાં સાધુઅદનું પર્વકાળમાં પવિત્ર સ્નાન (શાહી સ્નારન) મહાશિવરાત્રીનાં પર્વનાં દિવસેવિવિધ અખાડાઓનાં સાધુ સંતો દ્વારા નિશ્ચિત કરવામાં આવેલા ક્રમ અનુસાર પોતાનાં અખાડાનાં સંતો સાથે કરવામાં આવતા સ્નાતનને પવિત્ર સ્નાનિ (શાહી સ્નાપન) કહે છે. રવાડી(સરઘસ)માં દશનામી પંચ અખાડાની ગુરૂદત્તાતત્રેય પાલખી,અભાન અખાડાનાં ગાદીપતીની પાલખી,અગ્ની અખાડાની ગાયત્રીજીની પાલખી સાથે સાથે જુદા જુદા અખાડાઓના સાધુ આગળ વધે છે.સાધુ સંતોની યાત્રાનાં પથ પર બપોરથી જ માર્ગની બન્ને બાજુ વિશાળ જનમેદની એકત્રિત થાય છે.વિવિધ વાજીંત્રો અને હરહર મહાદેવ, બમ-બમ ભોલે નાદ સાથે શરીર પર ભસ્મી ચોપડીને હજારો સાધુ સંતો ગળામાં ફુલોનાં હાર,હાથમાં ધ્વજદંડ લે છે. શરીરે ભસ્મપ લગાડવાથી અમાનવીય આકૃતિ દેખાતા હજારો દિગંબર (નાગા)સાધુ સંતો હરહર મહાદેનો જયઘોષ કરે ત્યામરે એમ લાગે કે જાણે કૈલાશીય જીવંત દ્રશ્ય નજરે નિહાળીએ છીએ.નાગા શબ્દ આમ તો નગ (પર્વત) પરથી અવતરીત થયો હોય કેમ કે ગિરનારની પર્વતીય કંદરાઓમાં સાધના કરતા તપસ્વી મહાત્મા સંતો શિવરાત્રીની મધ્યરાત્રીએ ભગવાન શિવની સાક્ષીએ મૃગીકુંડમાં સ્નાન કરવા પધારતા હોવાની વાત દંતકથા રૂપ કર્ણોપકર્ણ સંભળાતી હોય છે. આમ મધરાત્રે ભવનાથનાં મંદિરનાં દ્વિતીય દરવાજેથી શાહી સવારી મૃગીકુંડમાં પહોંચે છે.લોકમાન્યાતા પ્રમાણે ગોપનીય વિધી સાથે મૃગીકુંડમાં કાંઠે ઉભી સાધુઓ વરૂણપુજા કરે છે.અહીં અમર આત્માઓ સ્નાપન કરવા પધારે છે. તેની પ્રતિતીરૂપે ત્રણ તરંગો સ્વંવયભુ કુંડમાંથી પ્રગટે છે. ત્યાસરબાદ સાધુઓ એકી સાથે મૃગીકુંડમાં સ્ના ન કરે છે. મૃગીકુંડમાંથી બહાર નિકળી થોડા જ સમયમાં મેળામાંથી અદ્રશ્ય થઈ જાય છે. સાધુઓનાં મૃગીકુંડનાં સ્નાકન પછી મંદિરમાં આરતી ને મહાપુજા થાય છે. ને મેળાની પુર્ણાહુતી થાય છે.

**આલેખન, અશ્વિન પટેલ,**
**માહિતી બ્યુનરો, જૂનાગઢ**

# હાથી સિમેન્ટ (સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ) દ્વારા સુદર્શન સેતુના નિર્માણમાં મહત્વનું યોગદાન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

સુદર્શન સેતુ, ૨.૩ કિલોમીટર લાંબો કેબલ સ્ટ્રેઈડ બ્રિજ છે જે ઓખા અને બેટ દ્વારકાના ધાર્મિક સ્થળને જોડે છે અને આ બ્રિજના નિર્માણમાં હાથી સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બ્રિજ બેટ દ્વારકાના દ્વારકાધીશ મંદિર આવતા યાત્રાળુઓ માટે આશીર્વાદ સમાન પુરવાર થશે. આ બ્રિજનું ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ગઈકાલ તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ કરવામાં આવ્યું છે.

હાથી સિમેન્ટ તેની ઉત્તમ ક્વોલિટી માટે ખુબ જ જાણીતો સિમેન્ટ છે અને તેનો ઉલ્લેખનીય ઉપયોગ સુદર્શન સેતુના નિર્માણમાં થાય તે સ્વાભાવિક રીતે અમારા માટે ગર્વની વાત છે. સરકાર દ્વારા સુદર્શન સેતુનું બાંધકામ સન ૨૦૧૭માં શરુ કરવામાં આવ્યું હતું. આ બ્રિજ અત્યારે વપરાશમાં લેવાતા જળમાર્ગનો વૈકલ્પિક માર્ગ બનશે અને તેનાથી બેટ દ્વારકા પહોંચવામાં લાગતા સમયમાં પણ ઘણો જ ઘટાડો થશે.

ભારતના સૌથી લાંબા કેબલ સ્ટ્રેઈડ બ્રિજની ખાસિયતોમાં એક તેના ફુટપાટની ઉપર લગાવવામાં આવેલી સોલાર પેનલો પણ છે જે લગભગ એક મેગા વોટ જેટલી વીજળીનું ઉત્પાદન કરશે. બ્રિજની ઉપર ભગવાન શ્રી કૃષ્ણના ચિત્રો ઉપરાંત ભાગવત ગીતાના શ્લોક પણ કંડારવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર સિમેન્ટ દ્વારા આ પ્રોજેક્ટ માટે હાથી સિમેન્ટના ગુણવત્તાયુક્ત અવિરત સપ્લાય માટે સમર્પિત સપ્લાય ચેઈનનું નેટવર્ક ઉભું કરવામાં આવ્યું હતું અને તેની ગુણવત્તાની સતત ચકાસણી અમારી ટેક્નિકલ ઉપરાંત રિસર્ચ અને ડેવલપમેન્ટ ટીમ દ્વારા સતત કરવામાં આવતી હતી. એસ.પી.સિંગલા કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ બ્રિજના નિર્માણમાં અત્યાધુનિક ટેક્નોલોજી અને મટિરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે શ્રી દિપક સિંગલા, ડાયરેક્ટર (એસ.પી.સિંગલા કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ) એ કહ્યું કે "અમે હાથી સિમેન્ટનો આ બ્રિજના નિર્માણમાં ઉપયોગ કર્યો છે અને અમે તેમની સર્વિસ અને સિમેન્ટની ક્વોલિટીથી ખુબ જ ખુશ છીએ જે આ બ્રિજની મજબૂતીમાં અગત્યનો ભાગ ભજવે છે" સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડના ચીફ સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર શ્રી રણધીર સિંહએ કંપની દ્વારા ગુણવત્તાની મહત્તા ઉપર ભાર મુકતા જણાવ્યું કે અમારો ધ્યેય છે કે દેશના માળખાકીય નિર્માણમાં અમારી ગુણવત્તા ધરાવતી સિમેન્ટ પ્રોડ્કટસનો ઉપયોગ થાય, આ માટે અમારા સિમેન્ટ પ્રોડકશન પ્લાન્ટ્સ ફકત ગુણવત્તા જ નહિ પરંતુ સસ્ટેનેબિલિટી ઉપરાંત એન્વાયરમેન્ટનું પણ ધ્યાન રાખે છે.

સુદર્શન સેતુ, અમારા લાંબા સમયના અનુભવ, કુશળતા અને પ્રતિબદ્ધતાનું પ્રતીક છે જે અમને સદાય ઉત્તમ ગુણવત્તા ધરાવતા સિમેન્ટ સપ્લાય કરવા માટે પ્રેરિત કરતુ રહેશે.

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ : સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ, મહેતા ગ્રુપનો ભાગ છે. મહેતા ગ્રુપ એક બહુરાષ્ટ્રીય કંપની (ગ્રુપ) છે જે એશિયા, ઉત્તર અમેરિકા અને આફ્રિકા જેવા ખંડોમાં ઉપસ્થતિ ધરાવે છે. અમારી કંપની સૌરાષ્ટ્ર સિમેન્ટ દ્વારા સિમેન્ટ, બિલ્ડીંગ મટિરિયલ્સ અને પેંઈટ્સ ક્ષેત્રે ઉત્પાદન, પુરવઠા અને વેચાણની કામગીરી કરવામાં આવે છે. કમ્પની દ્વારા ભારતીય સિમેન્ટ ઉદ્યોગમાં ઘણા જ નામાંકિત નેશનલ એવોર્ડ જીતવામાં આવ્યા છે. કંપની ISO ૯૦૦૧:૨૦૧૫, ISO ૧૪૦૦૧:૨૦૧૫ તથા ISO ૪૫૦૦૧:૨૦૧૮ પ્રમાણિત છે. અમારી બધી પ્રોડકટ્સ BIS, BS, SLSS તથા SABS સ્ટાન્ડર્ડ્સનું પાલન કરવામાં આવે છે તેમજ પ્રોડકટ્સને બેગ્સ, જમ્બો બેગ્સ, ટ્રકસ તેમજ બલ્કમાં માર્કેટ / ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવે છે. કંપની ગ્રાહકોની જરૂરિયાત અનુસાર માર્ગ, રેલ અને દરિયાઈ માર્ગે પરિવહન કરે છે અને કંપનીના માર્કેટ્સ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ ઉપરાંત આફ્રિકા, મધ્યપૂર્વના દેશો અને હિન્દ મહાસાગરના અન્ય દેશોના બજારોમાં કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ 'હાથી' અને 'સિધ્ધિ' બ્રાન્ડ નેમ હેઠળ સિમેન્ટ અને કિલનકરનું ઉત્પાદન અને માર્કેટિંગ કરવામાં આવે છે. કંપની એક માન્ય નિકાસ ગૃહ પણ છે જેના માટે કંપનીને ભારતીય સિમેન્ટ ઉદ્યોગનો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર મળેલ છે. પ્રમાણભૂત ઉત્પાદનો ૪૩ ગ્રેડ OPC અને ૫૩ ગ્રેડ OPC તથા PPC ઉપરાંત કંપની ચોક્કસ ઉપયોગ માટે "પોર્ટલેન્ડ સ્લેગ સિમેન્ટ" પણ બનાવે છે. કંપની મજબૂત અને સ્થાપિત બ્રાન્ડ ઈમેજ ધરાવે છે અને તેની પાસે સમર્પિત ડીલર / વિતરકોનું વિશાળ નેટવર્ક પણ છે. પેઈન્ટ્સ ડિવિઝન હેઠળ "સ્નોસેમ પેઈન્ટ્સ" ના હસ્તાંતરણ પછી કંપની પાસે

## દ્વારકા ખાતે બનાવવામાં આવેલ સુદર્શન સેતુમાં હાથી સિમેન્ટનું અતુલ્ય યોગદાન છે જે સૌરાષ્ટ્ર સિમેન્ટ માટે ગર્વની વાત છે

હવે ઈન્ટિરિયર, એક્સટીરિયર પેઈન્ટ્સ અને "સ્નોકેર" રેન્જ જેવી કે પુટ્ટી, પ્રાઈમર્સ, કન્સ્ટ્રક્શન કેમિકલ્સ અને અન્ય વિવિધ ઉપયોગ માટે કંપની પાસે હવે ઘણી બધી પ્રોડકટ્સની સંપૂર્ણ શ્રેણી પણ છે. કંપનીએ તાજેતરમાં "હાથી પુટ્ટી" અને પ્રીમિયમ વેરિયંટ સિમેન્ટ "હાથી પ્રાઈમ" લોન્ચ કરીને તેના ઉત્પાદન પોર્ટફોલિયોને ફાઈન અને બરછટ વોલ પુટ્ટીમાં પણ વિસ્તાર્યો છે. પ્રવૃતિઓના વ્યૂહાત્મક સંકલનને સુનિશ્ચિત કરવાનો કંપનીનો ઉદ્દેશ્ય છે; તમામ બજારોમાં ઉત્પાદન અને વિતરણને સંગઠિત કરો અને શકય તેટલા વ્યાજબી ખર્ચે ગ્રાહકની જરૂરિયાતો માટે સંપૂર્ણ ઉકેલ પ્રદાન કરો.



તમારા વિવાદાસ્પદ નિવેદનોની હવે કોઈ નોંધ પણ નથી લેતું !



લોકસભાની ચુંટણીની તારીખ જાહેર થવાની વાતો થાય છે એટલે ગભરાટ તો રહેશે જ !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# જૂનાગઢ ખાતે રૂા.૨૫ કરોડના ખર્ચે નિર્મિત થનાર આરોગ્ય સવલતોનું ઈ-ખાતમુહૂર્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર

**સિવિલ હોસ્પિટલના સંકુલમાં અંદાજે કુલ રૂા.૨૫ કરોડના ખર્ચે કરોડના ૫૦ બેડનાં ક્રિટિકલ કેર બ્લોક અને ઈન્ટીગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબોરેટરી નિર્માણ પામશે : તાત્કાલિક સારવારની સાથે જટિલ અને ગંભીર પ્રકારના કેસ પણ મેનેજ કરી શકાશે : જૂનાગઢ જિલ્લા સહિતના વિસ્તારના લોકોને પણ અદ્યતન આરોગ્ય સેવાઓનો લાભ મળશે**



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટ ખાતેથી જૂનાગઢમાં અંદાજે રૂા.૨૩.૭૫ નિર્મિત થનાર ૫૦ બેડના ક્રિટિકલ કેર બ્લોક અને તેજ બિલ્ડિંગ ૧.૨૫ કરોડના ખર્ચે આકાર પામનાર ઈન્ટીગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબોરેટરી ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેથી તાત્કાલિક સારવારની સાથે જટિલ અને ગંભીર પ્રકારના કેસ પણ મેનેજ કરી શકાશે. આમ, જૂનાગઢ જિલ્લા સહિતના વિસ્તારના લોકોની આરોગ્ય સવલતોમાં ખૂબ મોટો વધારો થશે. જૂનાગઢની જી. એમ. ઈ. આર. એસ. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ એટલે કે, સિવિલ હોસ્પિટલના સંકુલમાં પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન- ABHIM અંતર્ગત આ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટ ખાતેથી આરોગ્ય સેવાઓ સહિતના પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેને મેડિકલ કોલેજના પ્રાધ્યાપકો, ડોક્ટર અને વિદ્યાર્થીઓએ ડિજિટલ માધ્યમથી નિહાળ્યું હતું. આ પ્રસંગે મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, તાત્કાલિક સારવારની જરૂર છે તેવા તમામ દર્દીઓને અહીં જરૂરી સારવાર મળી રહેશે. આ નિર્મિત થનાર ક્રિટિકલ કેર બ્લોકમાં આઈસીયુ, ડાયાલીસીસ, પીડીયાટ્રીક આઈસીયુ બેડ, ઓટી કોમ્પ્લેક્સ, અલ્ટ્રા સાઉન્ડ વગેરે જેવી અધ્યતન આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. જેનો જૂનાગઢ જિલ્લા સહિત અન્ય આસપાસના વિસ્તારોના લોકોને લાભ મળશે. તેમણે કહ્યું કે, ૫૦ બેડના ક્રિટિકલ કેર બ્લોકના બિલ્ડીંગના ત્રીજા માળે ઈન્ટીગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબોરેટરી બનશે. આ લેબોરેટરીમાં માઈક્રોબાયોલોજી, પેથોલોજી, બાયો કેમેસ્ટ્રી સહિતના રિપોર્ટ્સ કરવામાં આવશે. આમ, દર્દીઓને એક જ છત નીચે પરીક્ષણોની સુવિધા પ્રાપ્ય બનતા સમય અને નાણાંની પણ બચત થશે. ઉલ્લેખનીય છે કે, આરસીસી ફ્રેમ સ્ટ્રક્ચર સાથેનું આ બિલ્ડીંગ ગ્રાઉન્ડ ફ્લોર ૩ માળનું હશે. જેનું



બાંધકામ ભૂકંપપ્રૂફ હશે. ઉપરાંત આ બિલ્ડિંગને સિવિલ હોસ્પિટલ સાથે જોડતો એક બ્રિજ પણ બનાવવામાં આવશે. આ પ્રસંગે નોબલ યુનિવર્સિટીના એમડી પાર્થ કોટેચા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ડીન ડો. હણમંત આમણે, જિલ્લા ક્ષય અધિકારી ચંદ્રેશ વ્યાસ, આસિસ્ટન્ટ ડીન અમિત ત્યાગી, એડિશનલ મેડિકલ સુપ્રિન્ટેન્ટ ડો. દિગંત ચિકોત્રા, ક્વોલિટી ઈન્સ્યોરન્સ મેડિકલ ઓફિસર શ્રી પઠાણ, ડો. ચાવડા સહિત મેડિકલ કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ

### જળવાયુ પરિવર્તનનો ખતરો ઓછો કરવા કાર્યવાહીની જરૂર છે

જળવાયુ પરિવર્તનને કારણે ભારત અને પાકિસ્તાન જેવા દેશોમાં આ સદીના અંત સુધી શ્રમ ઉત્પાદકતામાં ૪૦ ટકાનો ઘટાડો આવી શકે છે. ગ્લોબલ ચેન્જ બાયોલોજી જર્નલમાં પ્રકાશિત એક હાલનું અધ્યયન દર્શાવે છે કે આ કારણે ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓમાં વૃદ્ધિ થઈ શકે છે અને ખાદ્ય સુરક્ષા, સકલ ઘરેલુ ઉત્પાદન અને રાષ્ટ્રીય આવક જેવા વિભિન્ન આયામ દુષ્પ્રભાવિત થઈ શકે છે. જળવાયુ પરિવર્તનનાં દુષ્પરિણામથી શ્રમિકોને સુરિક્ષત રાખવા અને તેમની કાર્યક્ષમતા યથાવત રાખવા માટે તેનો સંભવિત ખતરો ઓછો કરવા તથા અનુકૂલન નીતિઓ પર ઠોસ કાર્યવાહી જરૂરી છે.

વસ્તુતઃ જળવાયુ પરિવર્તન કોઈ દેશના અર્થતંત્રને ભારે પ્રભાવિત કરી શકે છે. તેનાથી એક તરફ નોકરીઓની તકોમાં ઘટાડો આવી શકે છે તો બીજી તરફ તેનાથી વિભિન્ન કાર્યોમાં સંલગ્દ્ધ શ્રમિકોની શ્રમ ઉત્પાદકતા પણ પ્રભાવિત થઈ શકે છે. વિભિન્ન અધ્યયનોથી ખબર પડે છે કે ઉચ્ચ તાપમાન અને વધેલું વાયુ પ્રદૂષણ શ્રમિકોના કાર્ય કરવાની ક્ષમતાને દુષ્પ્રભાવિત કરે છે. જળવાયુ પરિવર્તનને કારણે થનારી ચરમ હવામાન ઘટનાઓ તેમના રોજગારને છીનવી શકે છે, કારણ કે એવી સ્થિતિમાં તેમનું કામ પર જવું સંભવ નથી થઈ શકતું. ગ્લોબલ વોર્મિંગ રૂપે થનારી વધારાની ગરમી કામ કરવા દરમ્યાન અને ત્યારબાદ શ્રમિકોને જોખમમાં મૂકી શકે છે. એવી જ મુશ્કેલીઓનો સામનો અન્ય કઠોર હવામાન સ્થિતિઓમાં પણ કરી શકાય છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સંબંધિત રિપોર્ટ અનુસાર ૩૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન પર કામ કરનાર એક શ્રમિક પોતાની કાર્યક્ષમતાના ૫૦ ટકા ગુમાવી દે છે. અનુમાન છે કે ઉચ્ચ તાપમાનને કારણે ૨૦૩૦ સુધી દુનિયાભરમાં કુલ કામકાજી કલાકોમાં અઢી ટકા, જ્યારે વૈશ્વિક સકળ ઘરેલુ ઉત્પાદનમાં ૨૪૦૦ અબજ ડોલરનો ઘટાડો થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગથી કૃષિ અને નિર્માણ ક્ષેત્રના શ્રમિક સૌથી વધુ દુષ્પ્રભાવિત થશે. ૨૦૩૦ સુધી આ બંને ક્ષેત્રોમાં કુલ કામકાજી કલાકોમાં ૬૦ અને ૧૯ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે.

એવી આશંકા પણ વ્યક્ત કરાય છે કે જળવાયુ પરિવર્તનથી શ્રમ ઉત્પાદકતામાં થનારા ઘટાડાથી દેશની અર્થવ્યવસ્થાને નુક્સાન ઉઠાવવું પડી શકે છે. તેનાથી વિભિન્ન ક્ષેત્રોમાં શ્રમિકોની માંગમાં ઘટાડો થઈ શકે છે અને ગરીબી અને બેરોજગારીની સમસ્યા વધી શકે છે, જેનાથી ખાદ્ય સુરક્ષાનું સંકટ વધી શકે છે. તેથી જળવાયુ પરિવર્તનથી શ્રમ ઉત્પાદકતાને યથાવત રાખવાની વ્યવસ્થા કરવી પડશે. આ બાબતે શ્રમિકોને જાગૃત કરી શકાય છે. સાથે જ આખી દુનિયાને જળવાયુ પરિવર્તનનો ખતરો ઓછો કરવાની દિશામાં પોતાના પ્રયત્ન ચાલુ રાખવા પડશે.

## આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પશ્ચિમ રેલવે ભાવનગર ડીવીઝનના ૯ રેલવે સ્ટેશનના પુર્નઃ વિકાસના કાર્યોનું લોકાર્પણ : વેરાવળ-રાજકોટ વચ્ચે ૯ ઈલેકટ્રીક એન્જીન ટ્રેનો દોડશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

સૌરાષ્ટ્રમાં જોડતી રેલવેમાં આમુલ પરિવર્તન થઈ રહ્યું છે. આજે ગુજરાતના પ્રવાસે આવેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૫૫૧ રેલવે સ્ટેશનના પુર્નઃ વિકાસ કાર્ય અને ૧૦૫૦ ઓવરબ્રિજ-અંડરબ્રિજના ઉદઘાટન કરી ૪૦ હજાર કરોડના પ્રોજેકટને દેશને સમર્પીત કરી રહ્યા છે.

જેમાં પશ્ચિમ રેલવે ભાવનગર ડીવીઝનના ૯ સ્ટેશનોમાં પણ ચોરવાડ રોડ, વેરાવળ, જૂનાગઢ રેલવે સ્ટેશનનો પુર્નઃ વિકાસના કાર્યોનું ઈ-લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને હવે વેરાવળ-રાજકોટ વચ્ચે ડીઝલના બદલે ૯ ઈલેકટ્રીક એન્જીન સાથેની ટ્રેન શરૂ થઈ રહી છે ત્યારે સોરઠ પંથકની જનતામાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. રેલવેના પાટા ઉપરથી હવે ડિઝલ એન્જિન દૂર કરાશે અને ઈલેકટ્રીક ટ્રેન દોડાવવામાં આવશે જેથી મુસાફરો પણ સમયસર એક સ્થળેથી બીજા સ્થળે પહોંચી શકશે આ ઉપરાંત પર્યાવરણને થતું નુકશાન પણ અટકાવી શકાશે. રાજકોટ સુધી ઈલેકટ્રીન ટ્રેન દોડતી હતી પરંતુ રાજકોટ થી વેરાવળ સુધીના રેલવે ટ્રેક ઉપર ડિઝલ એન્જિનથી જ ટ્રેનો દોડતી હતી. બાદમાં રાજકોટ થી વેરાવળ સુધી ઈલેકટ્રીક ટ્રેનો દોડવા માટેની રજૂઆત થઈ હતી જે મંજુર થતા સમયસર કેન્દ્ર સરકાર દ્વારા ડિઝલ એન્જિન બંધ કરી ઈલેકટ્રીક શરૂ કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી જે પૂર્ણ થતા હવે ઈલેકટ્રીન ટ્રેન દોડતી થશે. જૂનાગઢ રેલવે મેનેજર પ્રફૂલ ભટ્ટએ જણાવ્યું કે, રાજકોટ થી વેરાવળ સુધીના રેલ્વે ટ્રેકને ઈલેકટ્રીકમાં ફેરવવા માટેની કામગીરી એક વર્ષ સુધી ચાલી હતી. આ કામગીરી હવે પૂર્ણ થઈ ગઈ છે. જેને પરિણામે ૨૭ માર્ચથી વેરાવળથી રાજકોટ સુધી ઈલેકટ્રીક ટ્રેન દોડતી થશે. વેરાવળ થી જૂનાગઢ અને રાજકોટ વચ્ચે દોડતી તમામ ટ્રેનોના ડિઝલ એન્જિનને ૨૭ તારીખથી હટાવીને ઈલેકટ્રીક એન્જિન લગાવી ટ્રેનો દોડાવાશે. ટ્રેનોમાંથી એક માત્ર જબલપુર એક્સપ્રેસ ટ્રેન જ ડીઝલ એન્જિનથી દોડશે. આ ઈલેકટ્રીક ટ્રેનથી લોકોના સમયમાં બચત થશે. ડિઝલમાંથી ઈલેકટ્રીન એન્જિન થવા છતા ટ્રેનના સમય અને મુસાફરોના ભાડામાં હાલમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

## તંત્રના પ્રયાસોને સફળતા : ગિરનાર સીડી ઉપરના ધંધાર્થીઓએ હડતાળ સમેટી : ગિરનાર ઉપર આવતા પ્રવાસીઓને મુશ્કેલીઓ નહીં પડે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

ગિરનાર દર્શને આવતા ભાવિકોને મુશ્કેલીઓ ન પડે તે માટે ગિરનાર સીડી ઉપરના ધંધાર્થીઓ હડતાળ સમેટી પોતાનો વ્યવસાય પુનઃ શરૂ કરે તે માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા વાટાઘાટોથી પ્રયાસ કરી રહ્યા હતા. તેને આજે સફળતા મળી છે. જેથી ગિરનાર ઉપર આવતા પ્રવાસીઓને પણ રાહત મળશે. હડતાળ ઉપર રહેલા ગિરનાર સીડી ઉપરના ધંધાર્થીઓ સાથે નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, એસીએફ અરવિંદ ભાલીયા સહિતના અધિકારીઓએ બેઠક યોજી, ગિરનાર પ્લાસ્ટિક મુક્ત રહે તે માટે જરૂરી વાટાઘાટો કરી હતી. પીવાના પાણીના વેચાણ માટે બાયો ડિ ગ્રેડેબલ ટેટ્રાપેક વ્યવસ્થા અમલી બને તે માટે પણ જરૂરી ચર્ચા વિચારણા કરી હતી. પ્રવાસીઓને પણ દુકાનદારો દ્વારા બાયો ડીગ્રેડેબલ ટેટ્રાપેક મળી રહે તે માટે તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે અને ટૂંક જ સમયમાં આ પીવાના પાણી માટેના ટેટ્રાપેક ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગિરનાર સીડી ઉપરના ધંધાર્થીઓએ તંત્રને સહયોગ આપતા અને પ્રવાસીઓને અગવડતા ન પડે તે માટે હડતાળ સમેટવા આજે સહમત થયા હતા. ઉલ્લેખનીય છે કે, પ્રવાસીઓને પીવાના પાણી માટે ગિરનારની નવી સીડી નજીક ગ્લાસની બોટલનો પોઈન્ટ પણ ઊભો કરવામાં આવશે અને ૫ નવી ટાંકી પણ વન વિભાગ દ્વારા મૂકવામાં આવી છે. ગિરનાર ઉપર પ્લાસ્ટિક જતુ અટકે તે માટે પણ જરૂરી પગલાં તંત્ર દ્વારા લેવામાં આવી રહ્યા છે.

## જૂનાગઢ સિવિલ હોસ્પીટલ ખાતે એનિમિયા મુકત કરવા કાર્યશીબીર યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

આર. એ. એફ. ગ્લોબલ, અલ્કેમ ફાઉન્ડેશન અને જી. એમ. ઈ. આર. એસ જનરલ હોસ્પિટલ દ્વારા એનીમિયા મુક્ત જૂનાગઢ કરવા એક દિવસનો કાર્યક્રમ જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ખાતે જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકાના આઈસીડીએસ વિભાગ, આરોગ્ય વિભાગ, દરેક તાલુકાના એક ગામના સરપંચ, સખી મંડળનાં બહેનો સાથે જૂનાગઢ જિલ્લાને એનીમિયા મુક્ત કરવા પ્રયાસો કરવા.

દરેક વિભાગના જિલ્લા અધિકારી દ્વારા પહેલ કરવામાં આવેલ. જેમાં આરોગ્ય વિભાગમાંથી જૂનાગઢ જિલ્લાનાં CDHO ડો. મનોજ સુતરીયા, ડો. ચંદેશ ભાંભી પ્રોગ્રામ ઓફીસર, ICDS જૂનાગઢ, ભાર્ગવી બેન જોશી (પત્રકાર, આજતક), જી.એમ.ઈ. આર.એસનાં મેડિકલ સુપ્રિડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ દ્વારા ચર્ચા કરવામાં આવેલ કે જૂનાગઢ જિલ્લાને એનીમિયા મુક્ત કરવા કેવા પ્રયાસો કરવામાં આવે અને એક વર્ષ પછી આપણે પાછા મળીયે ત્યારે આપણે જૂનાગઢ જિલ્લાનાં દરેક તાલુકામાંથી એક એક ગામને એનીમિયા મુકત ગામ જોઈ શકીએ. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાનાં આરોગ્ય વિભાગ, ICDS વિભાગ, સરપંચઓ, સખી મંડળનાં બહેનો સહિત કુલ ૨૦૦ લોકોએ ભાગ લીધો હતો.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રૂપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીએ નરેન્દ્ર મોદીનું કર્યું સ્વાગત



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દ્વારકા મુલાકાત દરમ્યાન દ્વારકાધીશ જગતમંદિર ખાતે દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રૂપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીએ નરેન્દ્ર મોદીનું સ્વાગત કરી મંદિરના વિકાસ માટે ચર્ચા કરી હતી.

## દેવભૂમિ દ્વારકાની શાળાઓમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



જામ ખંભાળિયા, તા. ૨૬

દેવભૂમિ દ્વારકા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુદર્શન સેતુનું લોકાર્પણ કરશે. ત્યારે દ્વારકાની સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી માધ્યમિક શાળાઓમાં ગઈકાલે શુક્રવારે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દ્વારકામાં બીઆરસી ભવન ખાતે ૧૨ શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઓખા તાલુકા શાળા નંબર ૧ ખાતે ત્રણ શાળાના ૫૦ જેટલા છાત્રોએ તેમજ બેટ કન્યા શાળામાં ૩ શાળાના ૩૦ છાત્રો ભાગ લીધો હતો. જેમાં છાત્રોએ શ્રીકૃષ્ણ જીવનશૈલી આધારિત, સુદર્શન સેતુના સ્કેચ બનાવ્યા હતા. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને મીઠાપુરની ટાટા કંપની તરફથી ડ્રોઈંગ કીટ ટાટા આપવામાં આવી હતી. સાથે પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિજેતાને ઈનામ ક્રેન વેદાંત ફાઉન્ડેશન તરફથી પણ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્યની જીભ સૌથી નાની છે પરંતુ તે મોટામાં મોટો દોષ કરી શકે છે. - મહાભારત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા વદ-૨, તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૫, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, ધૃતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૫૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સવારે ૮:૧૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૬-૦૨-૨૦૨૪ થી ૦૩-૦૩-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુક્શાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

પ્રધાનમંત્રી પાક વિમા યોજનામાં વર્ષ ૨૦૧૮-૧૯માં ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતોને મળવાપાત્ર પાક વિમાની રકમ તત્કાલ ચુકવવા માંગણી

## જૂનાગઢમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ હીરાભાઈ જોટવાની ઉપસ્થિતિમાં ગુજરાત કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલીયાની પત્રકાર પરિષદ


હીરાભાઈ જોટવા (ઉપપ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ)

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ ભવન ખાતે આજે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપ પ્રમુખ અને જૂનાગઢ જીલ્લાના પ્રભારી હીરાભાઈ જોટવા, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરા, ગુજરાત કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલિયા અને ખેડૂત આગેવાન રતનસિંહ ડોડીયાએ સયુંકત પત્રકાર પરિષદ યોજી હતી અને આ તકે માહિતી આપતા તેઓએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી પાકવીમાં યોજના અમલમાં આવી ત્યારથી તેના ઉપર સતત સવાલ ઉભા થઈ રહ્યા છે. પહેલા ખૂબ જ ઊંચું પ્રીમિયમ ચૂકવવાના બાબતે સવાલ ઉભા થયા ત્યારબાદ ચાર વર્ષ ૨૦૧૬-૧૭ દુષ્કાળગ્રસ્ત, વર્ષ ૨૦૧૭-૧૮ અતિવૃષ્ટિનો માર, વર્ષ ૨૦૧૮-૧૯ દુષ્કાળગ્રસ્તને વર્ષ ૨૦૧૯-૨૦ અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદનો ભોગ ખેડૂતો બન્યા અને તેની સામે સરકારે અતિવૃષ્ટિ, કમોસમી વરસાદ કે દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં સૌરાષ્ટ્રના કેટલાયે ગામો દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા, કમોસમી વરસાદ કે અતિવૃષ્ટિમાં સરકારે સ્પેશિયલ પેકેજ આપ્યા દા. ત. ખેડૂતોને થયેલ પાક નુકશાનીના વળતર પેટે ૨૦૧૮-૧૯માં ૩૭૫૦ કરોડનું સરકારે આર્થિક પેકેજ આપ્યું પણ તેમ છતાં ખેડૂતોનો હક્કનો પાકવિમો ખાનગી પાકવીમાં કંપનીઓએ ન આપ્યો કે સરકાર ન અપાવી શકી. એટલે ગુજરાત કિસાન કોંગ્રેસ અને જાગૃત ખેડૂત આગેવાનોએ પાક કાપણી અખતરાઓના પત્રક શોધવાનું ચાલુ કર્યું, સરકાર પાસે RTI માં માંગવાનું ચાલુ કર્યું પરંતુ સરકારે ન આપ્યા ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના દેવગઢ અમરગઢ ગામોના પત્રકોના આધારે હિસાબો રજૂ કરી સાબિત કર્યું કે ખેડૂતોને કાયદેસર હક્કનો મળવાપાત્ર પાકવિમો પ્રતિ હેકટર ૬૦,૦૦૦ ખવાઈ ગયો ત્યારબાદ ત્યારબાદ ખેડૂત એકતા મંચના આગેવાનોએ જૂનાગઢ જિલ્લાના માણાવદરને સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના પાક કાપણી અખતરાઓના પત્રકો રજૂ કરી હિસાબ જાહેર કર્યો તો ખબર પડી કે માણાવદરમાં ખેડૂતોને પ્રતિ હેકટર ૭૬૩૯૭ રૂપિયા મળવાપાત્ર હતા તેની સામે માત્ર ૧૨૦૦૦ રૂપિયા આપી અંદાજે ૬૪૦૦૦ અને મૂળી તાલુકામાં ૪૬૦૦૦ હજાર પાકવિમો ગાયબ થઈ ગયો હતો. ત્યારબાદ સરકારમાં અમોએ પાક કાપણી અખતરાઓના પત્રકો માંગવા હિસાબો રજૂ કરવા ત્રણ ધારાસભ્યઓ સાથે ગાંધીનગર ખાતે રાજ્યના કૃષિ નિયામક સમક્ષ પાકવીમાંના હિસાબો અને પત્રકો માંગવા રૂબરૂ ગયા ત્યારે રાજ્યના કૃષિ નિયામક પોતાની ચેમ્બર છોડી જતા રહ્યા તો ૨૪ કલાક સુધી પરત ન આવ્યા અમે લોકો ૨૪ કલાક ખેતી નિયામકની ચેમ્બરમાં જ બેસી રહ્યા રાતવાસો પણ તેમની ચેમ્બરમાં જ કર્યો તેમ છતાં તેઓ ન આવ્યા તો ન જ આવ્યા અને પાકવીમાના પત્રકો, હિસાબો બાબતે કોઈ સ્પષ્ટતા સરકાર દ્વારા પણ કરવામાં ન આવી. સરકાર દ્વારા પાકવીમાના પત્રકો જાહેર કરવા, હિસાબો રજુ કરવાની વાત તો દૂર રહી પરંતુ સરકારે ખાનગી પાકવીમાં કંપનીઓને બચાવવા, પાકવીમામા થયેલ ભ્રષ્ટાચારની પોલ ખુલી ન જાય તે માટે રાજ્ય સરકારે પાકવીમાના આ પત્રકો, AY, TY કે જેના આધારે પાકવીમાની ગણતરી થઈ શકે તે પત્રકો, AY, TY ત્રણ વર્ષ સુધી જાહેર ન કરવાનો એક પત્ર તૈયાર કરી દીધો પ્રતિબંધિત આ ત્રણ વર્ષ પુરા થાય એની અમે ત્રણ વર્ષ રાહ જોઈ ત્રણ વર્ષ પુરા થતા જ અમોએ પાકવિમાના પત્રકો, AY, TY માંગતી RTI કરી, કોંગ્રેસપક્ષના ધારાસભ્યઓએ જિલ્લા સંકલન સમિતિમાં માગ્યા પણ સરકાર દ્વારા ન RTI માં આપ્યા કે ન તો ધારાસભ્યઓને સંકલન સમિતિની બેઠકમાં આપ્યા એટલે માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી સાથે આજથી વીસેક દિવસ પહેલા જિલ્લાના નાયબ ખેતી નિયામક પાસે પત્રકો માંગવા ગયા હતા તો તેમણે પણ ગોળ ગોળ જવાબ આપ્યા હતા, ત્યારબાદ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાજ્યના ખેતી નિયામક પાસે કોંગ્રેસપક્ષના ધારાસભ્યઓ અને ખેડૂત આગેવાનોએ રૂબરૂ રજૂઆત કરી પાકવીમાંનો હિસાબ માંગવા જાહેર કરવા રજુઆત કરી હતી પણ તેમના જવાબો પણ ગોળ ગોળ જ મળ્યા હતા. એટલે અમોએ જે લોકોએ ક્રોપ કટીંગ કર્યા હતા એવા લોકો કે જે ગામના ખેડૂત આગેવાનો હોય, સહકારી મંડળીમાં કામ કરતા લોકો હોય કે ખાનગી પાકવીમાં કંપનીમાં જે તે સમયે રોજમદાર તરીકે કોન્ટ્રાક બેજ ઉપર કામ કર્યું હોય એવા લોકોનો સંપર્ક કરી તેમની પાસેથી દરેક ગામના અખતરાઓની ઉત્પાદનની તારીજ મેળવી હિસાબો કરતા તેનું જે પરિણામ આવ્યું છે તે અહીં રજૂ કરીએ છીએ. પાક કાપણી અખતરાઓમાં કામ કરનાર અલગ અલગ લોકો પાસેથી અમને જે વિગત મળી છે તે મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ ના ખરીફ ઋતુના કપાસ પિયત પાકનો હિસાબ કરતા જૂનાગઢ જિલ્લામાં ભેંસાણ તાલુકાના કુલ ૩૫ ગામોમાં નિયમોનુસાર ખેડૂતોને પ્રતિ હેકટર સરેરાશ ૭૭,૦૦૦ જેટલો હક્કનો મળવાપાત્ર પાકવિમો હતો. જે ખેડૂતોને આપવામાં આવ્યો નથી આ ૩૫ ગામોમાં કેટલા ટકા પાકવિમો થાય એમ હતો, પ્રતિ હેકટર કેટલા રૂપિયા મળે તેમ હતા તેનું લિસ્ટ આ સાથે સામેલ છે. જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગુજરાત કિસાન કોંગ્રેસની માંગ છે કે, (૧) ૧૦ ઓગસ્ટ ૨૦૨૦ ના દિવસે જયારે પ્રધાનમંત્રી પાકવીમાં યોજના બંધ કરવામાં આવી ત્યારે ગુજરાતના ખેડૂતોએ વર્ષ ૨૦૨૦-૨૧નું ૪૦૦ થી ૪૫૦ કરોડનું પાક વીમા પ્રીમિયમ ભરી દીધું હતું તેમના ખાતામાંથી કપાઈ ગયું હતું અને ખેડૂતોએ પ્રીમિયમ ભર્યા બાદ આ યોજના બંધ કરવામાં આવી હતી તો આ વર્ષ ૨૦૨૦-૨૧ નું પ્રીમિયમ પરત આપવામાં આવે. (૨) ઉપરોક્ત અમે રજૂ કરેલા હિસાબો અને સરકાર પાસે રહેલા પત્રકોનો હિસાબોનું સામ સામે મેળવણું કરવામાં આવે સાથે સાથે એ પત્રકોના થયેલા હિસાબો જાહેર કરવામાં આવે અને ખેડૂતોને જે કાયદેસર મળવાપાત્ર રકમ થતી હતી તે તાત્કાલિક પાકવીમાં કંપનીઓ પાસેથી વસુલ કરી ચુકવવામાં આવે. (૩) સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, અને વર્ષ ૨૦૧૯-૨૦ ના ચારેય વર્ષના પાકવીમાના પાક કાપણી અખતરાઓના પત્રક ૧, પત્રક ૨, પત્રક ૩ અને પત્રક ૪ અને AY અને TY જાહેર કરવામાં આવે RTIમાં માંગવાથી આપવામાં આવે જેથી કરીને ચારેય વર્ષમાં ખેડૂતોને તેમના હક્કનો કાયદેસર મળવાપાત્ર પાકવિમો હતો તેની સામે કેટલો મળ્યો અને કેટલો સરકાર સાથે મળીને પાકવીમાં કંપનીઓ ખાઈ ગઈ ચાવી ગઈ ચરી ગઈ ભ્રષ્ટાચાર કરી ગઈ તે જાહેર થઈ શકે અને હિસાબો કરી


પાલભાઈ આંબલીયા (પ્રમુખ ગુજરાત કિસાન કોંગ્રેસ)

ખેડૂતોને કાયદેસર મળવાપાત્ર પાકવીમાં રકમ કંપનીઓ પાસેથી વસુલ કરી ખેડૂતોને ચુકવવામાં આવે તેવી ગુજરાત કિસાન કોંગ્રેસની માંગણી કરવામાં આવી હતી. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ હીરાભાઈ જોટવા, ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલભાઈ આંબલીયા, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા, શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ જોષી તેમજ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતીના મહામંત્રી વી.ટી. સીડા સહિતના પદાધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# તાલાળામા શ્રી શ્રીબાઈ માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દાતાઓ સહિત સેવામાં જોડાયેલા સેવકોની વિવિધ સમિતિઓનું કરાયેલું સન્માન

મહોત્સવ દરમ્યાન આરોગ્ય સહિતની સેવાઓને બિરદાવતા જૂનાગઢના વિનુભાઈ ચાંડેગરા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬





ગીર સોમનાથ જિલ્લાના તાલાળા(ગીર) ગામ ખાતે હિરણ નદીના કાંઠે આવેલ અખિલ સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ શ્રી શ્રીબાઈ ધામમાં શ્રી શ્રીબાઈ માતાજીના નવ નિર્મિત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્યથી અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલું હતું. આ ત્રીદિવસીય મહોત્સવમાં શ્રી શ્રીબાઈ માતાજીની તથા સર્વ દેવોની મૂર્તિની નગર શોભાયાત્રા, દેવી-દેવતાઓની પૂજન વિધિ, સાધુ સંતો, મહંતો, દાતાશ્રીઓ, જ્ઞાતિ શ્રેષ્ઠિઓ, જ્ઞાતિ આગેવાનોનું સન્માન, ધર્મ સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભવ્ય લોક ડાયરો સહિત કાનગોપી મહોત્સવનું સુંદર મજાનું ભવ્ય આયોજન થયેલું જેનું એકાદ લાખ જેટલા ધર્મપ્રેમીલોકોએ લાભ લીધો હતો. આ સમગ્ર મહોત્સવમાં સેવા કરવા માટે સ્વયંભૂ ભક્તો ઉમટી પડ્યા હતા અને તેમની વિવિધ સમિતિઓ બનાવવામાં આવેલ હતી. મહોત્સવ દરમ્યાન સમિતિઓના કાર્યકરોનું અદકેરૂ સન્માન કરવામાં આવેલ હતું. જેમાં આરોગ્ય સમિતિના ડો. પરેશભાઈ ચાંડેગરા, ડો. નિલેશભાઈ ચાંડેગરા, સંજયભાઈ બુહેચા, નિરવભાઈ જેઠવા, ઉદયભાઈ બુહેચા, સુનીલભાઈ કુકડીયા, સતિષભાઈ બુહેચા, મુકેશભાઈ વારા, અજયભાઈ ગોહેલનું સન્માન કરવામાં આવેલ હતું. એ બદલ તાલાળા સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ દેવળીયા, શ્રીબાઈધામ કારોબારી સમિતિ તથા વિનુભાઈ ચાંડેગરા, લલીતભાઈ વરૂ, ભાવેશભાઈ ખોલીયા, ભગવાનજીભાઈ વાળા, અરવિંદભાઈ ચાવડા, પ્રકાશભાઈ ડાભી, સંજયભાઈ દેવળીયા, જગદીશભાઈ ગોહિલ સહિતના લોકોનો આરોગ્ય સમિતિએ આભાર વ્યક્ત કરેલ હતો.

# આહિર જ્ઞાતિ મંડળ સરદારપરા જૂનાગઢ દ્વારા નિદાન અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો







(પ્રકાશ ભાદરકા દ્વારા) જૂનાગઢ તા. ૨૬

ગઈકાલ તા. ૨૫ ફેબ્રુઆરી રવિવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાક સુધી સર્વે જ્ઞાતિ માટે વિના મુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન આહિર જ્ઞાતિ મંડળ સરદારપરા જૂનાગઢ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢ શહેરનાં ખ્યાતનામ ડોકટરો રાહુલ હુંબલ, ડો. હિરેન ડાંગર, ડો. હમીર રાજતીયા, ડો. કેશુર વરૂ, ડો. ઉદય જલુ, ડો. અમીત ભુવા, ડો. અજય પીઠીયા, ડો. સંજય બારીયા, ડો. હર્ષા ગાધે, ડો. અક્ષય અંબાસણા, ડો. દર્શના બગથરીયા, ડો. તન્વી કાચા, ડો. પ્રિયાંક બગથરીયા તથા ડો. ચિરાગ સાકરીયાએ સેવા આપી હતી જેનો લાભ જૂનાગઢ શહેરનાં લોકોએ બહોળી સંખ્યામાં ઉઠાવ્યો હતો. તથા બ્લડ ડોનેશનમાં ખુબ જ બહોળા પ્રમાણમાં બ્લડ ડોનેશન થયેલ જે બ્લડનો સંગ્રહ થેલેસેમીયાગ્રસ્ત બાળકો તથા જરૂરીયાતમંદ લોકો માટે સિવીલ હોસ્પીટલ જૂનાગઢની બ્લડ બેંકની ટીમ દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આહિર જ્ઞાતિ મંડળ જોષીપરાનાં પ્રમુખ હરેશભાઈ એન. વાઘમશી તથા તેઓની કારોબારી મંડળની સમીતીનાં સભ્યો તથા સમાજનાં સર્વે અગ્રણીઓ તથા યુવા વર્ગનો મહત્વનો ફાળો રહયો હતો. આ કેમ્પમાં જે લોકોએ રકતદાન કરેલ છે તથા અન્ય સેવા આપેલ છે તેમનો આહિર જ્ઞાતિ મંડળ જૂનાગઢ તરફથી હૃદયપૂર્વક આભાર માનવમાં આવેલ હતો તેમ પ્રમુખ હરેશભાઈ વાઘમશીની યાદીમાં જણાવેલ છે.

# નોબલ યુનિવર્સીટીનાં વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ લેવલ યુથ ફેસ્ટીવલનો કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢનાં ભેંસાણ રોડ સ્થિત નોબલ યુનિવર્સીટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૫ ફેબ્રુઆરીનાં રોજ નેશનલ લેવલ યુથ ફેસ્ટીવલ નોબલ એન્ડવેન્ચર ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું તમામ આયોજન સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ હતું. આ ઈવેન્ટનું યુનિ. દ્વારા સતત ૧૫ વર્ષથી આયોજન થઈ રહયું છે. જેમાં શૈક્ષણિક, રમતગમત, કલા અને સાંસ્કૃતિક, મનોરંજન તથા ટેકનોલોજીને લગતી વિવિધ ગેમ્સ રાખેલ હતી. જેમાં ઈન્ડીયાની અલગ અલગ ૨૫ યુનિ.ની. ૧૦૦ જેટલી કોલેજના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં પોઝીટીવ પાજીનો મોટીવેશનલ સેમીનાર રાખવામાં આવ્યો હતો. જેમાં તેઓએ વિદ્યાર્થીઓને જીવનમાં આવતી સમસ્યાઓ સામે લડવા માટે માર્ગદર્શન આપેલ હતું. આ ઈવેન્ટમાં ઉપલેટાનાં ડીડી. જવેલર્સનો સહકાર મળેલ હતો. તમામ વિદ્યાર્થીઓને નિલેશભાઈ ધુલેસીયા, વી.પી. ત્રિવેદી, કે.ડી. પંડયા, પાર્થભાઈ ધુલેશીયા, મનીષભાઈ ત્રિવેદી, સિધ્ધાર્થભાઈ પંડયા, ડો. એચ.એન. ખેર, ડો. જય તલાટી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

# માંગરોળ તાલુકાના કંકાસા ગામે વિશ્વ જળદિવસ નિમિત્તે જળ રક્ષા ગૌરક્ષા પ્રાકૃતિક કૃષિનુ પ્રશિક્ષણ આપવામાં આવ્યું




(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૬


તારીખ ૨૪-૨-૨૦૨૪ શનિવારના દિવસે માંગરોળ તાલુકાના કંકાસા ગામે HDFC BENK અમ્બુજા ફાઉન્ડેશન કલાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળ દ્વારા ૧૯૯ એકરમાં ૧૧૧ ખેડૂતને નળ વાળી ડ્રિપ આપેલી ૪૭ ખેડૂતને ૬૦ એકરમાં ટપકમાં સહાય કરેલી તથા ૭૦ બોરવેલ દ્વારા જળ રિચાર્જ તેમજ ૧૨ ચેકડેમનું રીપેર કરેલ કંકાસા ગામના સરપંચ વીરાભાઈ ચોચા તેમજ ધરતી પુત્રો હાજરી આપી FF : રાહુલભાઈ રામ આત્મા પ્રોજેક FMT મોહનભાઈ પંડિત દ્વારા કંકાસા ગામે વિશ્વ જળદિવસ નિમિત્તે જળ રક્ષા ગૌરક્ષા પ્રાકૃતિક કૃષિનુ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

# ગિરનાર પર્વત ઉપર ૫૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાતા રોપવેનું ઓનલાઈન ટિકીટ આજના દિવસે બંધ કરાયું

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ સહિત સમગ્ર સોરઠ પંથકમાં ગઈકાલથી ઠંડા પવનો ફુંકાવાનું શરૂ થયું છે અને ભેજમય વાતાવરણ બની ગયેલ છે. ગઈકાલે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને આજે સવારથી પણ ધાબળ્યું વાતાવરણ જોવા મળ્યું હતું. દરમ્યાન આ લખાય છે ત્યારે ગિરનાર પર્વત ઉપર પવનની ગતિ ૫૪ કિલોમીટર પ્રતિ કલાક નોંધાયેલ છે તેમજ જેને કારણે રોપવે સેવા કાર્યરત થઈ નથી અને ઓનલાઈન ટિકિટ બુકીંગ આજના દિવસનું બંધ કરવામાં આવ્યું છે.


# વંથલી તાલુકાનાં કણજા ગામે ચુવાળીયા કોળી સમાજનાં ભુવાઓની બેઠક મળી



જૂનાગઢ તા. ૨૬

વંથલી તાલુકાનાં કણજા ગામે હસમુખભાઈ ભુવાનાં પ્રમુખ સ્થાને ચુવાળીયા કોળી સમાજ કણજા બાલોટ ભાટીયા ગામના ભુવાઓની બેઠક મળી હતી. જેમાં જૂનાગઢ ગુજરાત ચુવાળીયા કોળી સમાજના મહામંત્રી બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, સમજુભાઈ સોલંકી, રાયમલભાઈ સિહોરાએ હાજરી આપી માર્ગદર્શન આપેલ હતું. અને કણજા ગામે સંમેલન ભરવાનું નકકી કરવામાં આવેલ હતું.

# માંગરોળ તાલુકાના અયોધ્યાના દર્શનાર્થીઓને રવાના કરાયા



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૬

શીલ રામ મંદિર મુની બાપુની જગ્યાએથી માંગરોળ તાલુકાના અયોધ્યા દર્શનાર્થીઓને ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, તાલુકા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ ડાભી, તાલુકા ભાજપ પ્રમુખ દાનાભાઈ બાલસ, ગોવાભાઈ ચાંડેરા, અર્જનભાઈ પીઠીયા, રામજીભાઈ ચૂડાસમા, જિતેન્દ્ર જોષી, રાજાભાઈ ભરડા વગેરે બહોળી સંખ્યામાં હાજર રહી મીઠાઈ આપી જય શ્રી રામના નારા સાથે હર્ષોલ્લાસથી રવાના કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન તાલુકા ઈન્ચાર્જ દાનાભાઈ ખાંભલા દ્વારા કરવામાં આવેલ હતું.

# ઓખા મંડળના ધારાસભ્ય પબુભા માણેક દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરાયું



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૬

ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દ્વારકામાં જાહેર સભા સમયે ઓખામંડળના ધારાસભ્ય પબુભા વિરમભા માણેક દ્વારા વડાપ્રધાનનું સોનાનો મુગટ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ વિરમભા આશાભા માણેક પરિવાર દ્વારા અયોધ્યામાં રામ મંદિરના નિર્માણમાં ૯૦ કિલ્લો ચાંદી અર્પણ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. અહીંના ધારસભ્યનું સપનું હતું કે રામમંદિર બને તો મારે આ કાર્ય કરવું છે જે સપનું એમના દ્વારા પૂરૂ કરવામાં આવ્યું હતું.

# ઉનામાં એસિડ પી પરિણીતાનો આપઘાત

ઉના તા.૨૬

ઊના તાલુકાના નલીયા માંડવી ગામે રહેતી પરણિત મહિલા રેશમાબેન પીરભાઈ શેખ ઉંમર વરસ ૩૫ એ ગત તારીખ ૧૮/૨ના રોજ અગમ્ય કારણોસર એસિડ પી જતા ઊલટીઓ થતાં પ્રથમ ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા ત્યાર બાદ રાજકોટ વધુ સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે.

### અન્યો(વિપક્ષ) પાસેથી અપેક્ષા ખતમ થઈ જાય છે ત્યાંથી વર્તમાન

# કેન્દ્ર સરકાર (મોદી)ની ગેરંટી શરૂ થાય છે : વડાપ્રધાન

## વડાપ્રધાનના હસ્તે રાજકોટ ખાતેથી પાંચ એઈમ્સ સહિત ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત થયાં




(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૨૬

આજથી ૨૨ વર્ષ પહેલા રાજકોટ ખાતેના સંસ્મરણોને યાદ કરતા કહ્યું કે,ધારાસભ્ય બન્યા બાદ રાજકોટના ધારાસભ્ય તરીકે તા. ૨૫નાં રોજ લીધેલા શપથનું ઋણ પણ આજ જોગાનું જોગ તા.૨૫એ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સાથે આજે ચૂકવી રહ્યો છું. રાજકોટવાસીઓએ આપેલા પ્રેમ અને વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે આખો દેશ વડાપ્રધાન પર આશીર્વાદ વરસાવે છે, એ રાજકોટને આભારી છે. ખૂબ લાંબો સમય થયો હોવા છતાં રાજકોટની જનતાનો પોતાનાં પરનો પ્રેમ યથાવત રહ્યો છે, અને આ પ્રેમ વ્યાજ સાથે ચૂકવવાનો હું સદા પ્રયાસ કરીશ. ભગવાન શ્રી કૃષ્ણની પ્રાચીન દ્વારકાના દર્શન કરી તેની પ્રેરણા અહી સાથે લઈને આવ્યો છું, જેનાથી વિકાસ અને વિરાસતના મારા સંકલ્પને નવી તાકાત અને ઊર્જા મળી છે. વિશ્વની પાંચમી મોટી અર્થ વ્યવસ્થાના વિકસિત ભારતના સંકલ્પ સાથે દૈવી વિશ્વાસ પણ જોડાઈ ગયો હોય, જેની ૪૮,૦૦૦ કરોડથી વધુના આરોગ્ય- આંતરમાળખાકીય ક્ષેત્રના સુવિકસિત પ્રકલ્પોની ગેરેંટેડ ઝલક રાજકોટમાં જોવા મળી. રાજકોટને એઈમ્સની આપેલી ગેરંટી ત્રણ વર્ષમાં પૂરી કરી હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, પંજાબના ભટીંડા, પશ્ચિમ બંગાળના કલ્યાણ, આંધ્ર પ્રદેશના મંગલાગીરી અને ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં એઈમ્સની આપેલી ગેરંટી પણ પૂરી કરી છે.અત્યાર સુધી દેશની રાજધાની દિલ્હીમાં જ યોજાતા આ પ્રકારનાં વિકાસના કાર્યક્રમને વેગાતિત કરી રાજધાની ઉપરાંત દેશના અન્ય રાજયોમાં પણ પહોંચાડ્યા છે, જેનો સાક્ષી આજનો કાર્યક્રમ છે. દેશમાં ૫૦ વર્ષ સુધી માત્ર એક એઈમ્સ હતી અને સાત દાયકા સુધીમાં માત્ર સાત એઈમ્સને મંજૂરી અપાઈ હતી પરંતુ એક પણ પૂરી થઈ નહોતી. જો કે છેલ્લા ૧૦ જ દિવસમાં સાત નવા એઈમ્સના શિલાન્યાસ અને લોકાર્પણ થયા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **I.N.D.I.A.**નું નામ લીધા વગર કહ્યું હતું કે, જયાં અન્યો(વિપક્ષ) પાસેથી અપેક્ષા ખતમ થઈ જાય છે, ત્યાંથી વર્તમાન કેન્દ્ર સરકાર (મોદી)ની ગેરંટી શરૂ થાય છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ભારતે કોરોનાને કેવી રીતે હરાવ્યો એની ચર્ચા આજે આખા વિશ્વમાં થઈ રહી છે. જેનું કારણ છેલ્લા દસ વર્ષમાં ભારતની હેલ્થ કેર સિસ્ટમમાં આવેલ ધરખમ ફેરફાર છે. છેલ્લા દસકામાં છૈંસ્જી, મેડિકલ કોલેજ, ક્રિટિકલ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. રાજયના લોકો પહેલાં કેન્દ્ર સરકાર પાસે છૈંસ્જીની માંગણી કરીને થાકી જતા હતા ત્યારે આજે દેશમાં એક પછી એક છૈંસ્જી હોસ્પિટલ અને મેડિકલ કોલેજો ખુલી રહી છે તેમ રાજકોટના રેસકોર્સ ખાતે યોજાયેલ સભા સ્થળ પરથી પાંચ એઈમ્સ સહિત ગુજરાતની સૌથી ઊંચી મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ(એમ.સી.એચ.) તેમજ ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવા મળેલા અવસરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું સૌભાગ્ય ગણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, આજે અહીંથી રૂ. ૪૮ હજાર કરોડના વિકાસ પ્રોજેક્ટસ દેશને મળ્યા છે. નવી મુંદ્રા-પાણીપત પાઈપલાઈનના શિલાન્યાસથી ગુજરાતથી કાચું ઓઈલ હરિયાણાની રિફાઈનરી સુધી જશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રને રોડ, બ્રિજ, ડબલ રેલવે ટ્રેક, આરોગ્ય, શિક્ષણ સહિત અનેક સુવિધાઓ મળી છે અને હવે એઈમ્સ પણ રાજકોટને સમર્પિત છે. માત્ર, રાજકોટ કે ગુજરાત જ નહીં પણ સમગ્ર દેશવાસીઓ માટે આજનો દિવસ ઐતિહાસિક હોવાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, વિશ્વની પાંચમી મોટી અર્થ વ્યવસ્થાના આરોગ્ય ક્ષેત્રનું માળખું કેવું હોય તેની ઝલક રાજકોટમાં જોવા મળી રહી છે.

તેમણે દેશની જનતાને વિશ્વાસ અપાવ્યો હતો કે, જે છેલ્લા ૬૦-૭૦ વર્ષમાં નથી થયું તેવા કામો ઘણી ઝડપથી પૂરા કરીને દેશની જનતાના ચરણોમાં સમર્પિત કરી રહ્યા છીએ. આજે દેશના ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના હેલ્થ સંબંધિત પ્રોજેકટસના શિલાન્યાસ અને ભૂમિપૂજન થયા છે.

રાજકોટને એઈમ્સની આપેલી ગેરંટી ત્રણ વર્ષમાં પૂરી કરી હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, પંજાબના ભટીંડા, પશ્ચિમ બંગાળના કલ્યાણ, આંધ્ર પ્રદેશના મંગલાગીરી અને ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં એઈમ્સની આપેલી ગેરંટી પણ પૂરી કરી છે.

છેલ્લા દસ વર્ષમાં સરકારે ૧૦ **AIIMS** દેશના અલગ-અલગ રાજ્યોમાં મંજૂર કરી છે. છેલ્લા દશકમાં આરોગ્યની માળખાકીય સુવિધાઓના થયેલા વિકાસ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે નાની બીમારીઓ સામે રક્ષણ મેળવવા ગામડે-ગામડે ૧.૫૦ લાખ જેટલા આયુષ્યમાન આરોગ્ય મંદિર બનાવાયા છે.

કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના પરિણામે ગરીબ અને જરૂરતમંદ વર્ગોને થયેલી બચત વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, આયુષ્યમાન ભારત યોજનાથી દેશના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને રૂ.એક લાખ કરોડ, જન ઔષધી કેન્દ્રોમાં ૮૦ ટકા ડિસ્કાઉન્ટથી રૂ. ૩૦ હજાર કરોડ, ઉજ્જવલા યોજનાના માધ્યમથી રૂ. ૭૦ હજાર કરોડ રૂપિયાની બચત થઈ છે. સરકારે સસ્તો ડેટા આપી મોબાઈલ વપરાશકર્તાના દર મહિને રૂ. ૪ હજાર બચાવ્યા છે. જ્યારે ટેકસ સંબંધીત સુધારાઓથી કરદાતાઓના રૂ. ૨.૫ લાખ કરોડની બચત થઈ છે.

પી.એમ. વિશ્વકર્મા અને સ્વનિધિ યોજના વિશેની વાત કરતા વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, દેશના ઈતિહાસમાં પ્રથમવાર વિશ્વકર્મા લોકો માટે રાષ્ટ્રવ્યાપી યોજના બનાવવામાં આવી છે. ૧૩ હજાર કરોડની આ યોજનામાં આજે લાખો લોકો જોડાઈને પોતાનો વેપાર રોજગાર આગળ વધારી રહ્યા છે. આ યોજના અંતર્ગત ગુજરાતમાં ૨૦ હજારથી વધારે લોકોની ટ્રેનિંગ પૂર્ણ થઈ ગઈ છે. યોજનાના પ્રત્યેક લાભાર્થીને રૂ. ૧૫ હજારની મદદ પણ મળી છે. દેશમાં લારી, પાથરણા અને ફેરિયા લોકો માટે પીએમ સ્વનિધિ યોજના બનાવી ૧૦ હજાર કરોડની મદદ આપવામાં આવી છે. આ યોજના અંતગર્ત ગુજરાતમાં પણ રૂ. ૮૦૦ કરોડની મદદ મળી છે. રાજકોટમાં ૩૦ હજારથી વધુ લોકો આ યોજનામાં જોડાયા છે.

આ તકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ રાજકોટ તેમજ અન્ય ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વિવિધ પ્રકલ્પોની જનસેવા સુખાકારીની ભેટ મળી છે ત્યારે ગુજરાતની ધરા પરથી માત્ર ચાર દિવસમાં રૂ.૧.૧૦ લાખ કરોડથી વધુના ૩૦૦ ઉપરાંત કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત રાજ્યના ઈતિહાસમાં પ્રથમ ઘટના હશે તેમ તેમણે ગૌરવભેર જણાવ્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પિત અને ખાતમૂહુર્ત કરાયેલા વિવિધ પ્રોજેક્ટસથી ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિનાં આવનારા વિધાયક પરિવર્તન વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, રાજકોટ સહિત અન્ય રાજ્યોમાં એઈમ્સ કાર્યરત થવાથી ગરીબ, વંચિત, જરૂરતમંદ વર્ગને આરોગ્ય સેવાઓ સરળતાથી મળશે. મેડીકલની બેઠકો પણ વધશે અને યુવાઓને ઘર આંગણે જ મેડીકલ એજ્યુકેશન તથા ઉચ્ચ અભ્યાસ માટેની તક મળતી થશે. ઊર્જા વિભાગના સબ સ્ટેશનો કાર્યરત થવાથી અન્નદાતા એવા ખેડૂતોને ગુણવત્તાયુક્ત કૃષિ વિષયક અને અન્ય વીજ પૂરવઠો પહોંચાડી વધુ કૃષિ ઉપજથી આર્થિક રીતે સમૃદ્ધ બનાવશે. પાણી પૂરવઠાની યોજનાઓથી નારીશક્તિને ઘર આંગણે સ્વચ્છ અને પુરતું પાણી મળશે. બાળકો અને માતાઓને સઘન આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું હતું કે, આજનો આ વિકાસોત્સવ આ ચારેય જાતિઓના સર્વગ્રાહી વિકાસને નવી ગતિ આપનારો બની રહેશે.

### પથ્થરોમાં પ્રાણીસંગ્રહાલય

# ભવનાથ વિસ્તારમાં વન વિભાગની ઝોનલ ઓફીસનાં પ્રવેશદ્વારમાં સુંદર ચિત્રો મુકાયા




જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની રેન્જ ઝોનલ ઓફીસ આવેલી છે. આ ઓફિસના ગેટમાં એન્ટર થતા જ પથ્થરોમાં વન્ય પ્રાણીઓ અને પક્ષીઓના સુંદર ચિત્રો બનાવામાં આવ્યા છે. ચિત્રો સાથે જંગલને બચાવવા માટેના ઉપયોગી વિવિધ સ્લોગન પણ લખવામાં આવ્યા છે. આડેધડ મોટા પથ્થરોની એક લાઈન કરી પથ્થરોમાં કલર કરી ચિત્રો દોરવામાં અવાય છે. આ સુંદર ચિત્રોનું કલર કોમ્બિનેશન પણ અદભુત રીતે કરવામાં આવ્યું છે. ફોરેસ્ટ ડિપા.નું પથ્થર પરનું આ કાર્ય લોકોનું ધ્યાન ખેંચે એવું છે. હાલમાં ચિત્રોનું કાર્ય ચાલુ છે.

# દેશમાં પહેલી જુલાઈથી ત્રણ ફોજદારી કાયદા લાગુ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬

દેશના ત્રણ નવા ફોજદારી કાયદા જે આઈપીસી, સીઆરપીસીઅને એવિડેન્સ એકટને બદલવા માટે લવાયા હતા, તે પહેલી જુલાઈ ૨૦૨૪થી લાગુ થશે. પહેલી જુલાઈ ૨૦૨૪થી નવા કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાગૂ થશે. ગૃહ મંત્રાલયે આ અંગે આદેશ જાહેર કરી દીધા છે. આઈપીસીની જગ્યાએ બીએનએસહશે.

અંગ્રેજોના સમયમાં બનેલા ત્રણ કાયદા હવે ખતમ થઈ ગયા છે. સંસદના શિયાળુ સત્રમાં હાલમાં પસાર થયેલા ત્રણ સંશોધન કરાયેલા ક્રિમિનલ લૉ બિલને સોમવાર (૨૫ ડિસેમ્બર)એ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી હતી. ત્યાર બાદ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય સંહિતાબિલ હવે કાયદો બની ગયા હતા. ત્યારે હવે આ કાયદા આગામી પહેલી જુલાઈ ૨૦૨૪થી દેશમાં લાગુ થઈ જશે. હવે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હવે ભારતીય ન્યાય (દ્વિતીય) સંહિતા, દંડ પ્રક્રિયા સંહિતા (સીઆરપીસી) હવે ભારતીય નાગરિક સુરક્ષા (દ્વિતીય) સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ હવે ભારતીય સાક્ષ્ય (દ્વિતીય) સંહિતા ગણાશે.

જોકે, એક નવી કલમ હાલ લાગુ નહીં થાય. બીએનએસની કલમ ૧૦૬(૨) - ઝડપ કે બેદરકારીથી વાહન ચલાવવા અને પોલીસ/મેજિસ્ટ્રેટને તેની માહિતી અપાયા વગર ભાગવાથી મોત માટે ૧૦ વર્ષની સજાની જોગવાઈ, આ કલમને હાલ પૂરતી લાગુ કરવામાં આવશે નહીં.

આ ત્રણેય વિધેયક પહેલીવાર ઓગસ્ટ ૨૦૨૩માં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ વિધેયકોને સંસદના શિળાળુ સત્ર દરમિયાન લોકસભામાં ૨૦ ડિસેમ્બરે અને રાજ્યસભામાં ૨૧ ડિસેમ્બર પસાર કરાયા હતા. રાજ્યસભામાં વિધેયકોને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તરફથી રજૂ કરાયા બાદ ધ્વનિ મતથી પસાર કરાયા હતા. ગૃહની બાબતો પરની સ્થાયી સમિતિએ ઘણી ભલામણો કર્યા બાદ શિયાળુ સત્રમાં ફરીથી તૈયાર કરાયેલા સંસ્કરણો રજૂ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ બિલનો મુસદ્દો વ્યાપક વિચારણા બાદ તૈયાર કરાયો હતો.

કયું કૃત્ય ગુનો છે અને તેના માટે શું સજા થશે? આ આઈપીસીહેઠળ નક્કી થાય છે. હવે તેને ભારતીય ન્યાય સંહિતા કહેવામાં આવશે. આઈપીસીમાં ૫૧૧ કલમો હતી, જ્યારે બીએનએસમાં ૩૫૮ કલમો હશે. ૨૧ નવા ગુના જોડાયા છે. ૪૧ ગુનાઓમાં જેલની મુદત લંબાવાઈ છે. ૮૨ ગુનાઓમાં દંડ વધારાયો છે. ૨૫ ગુનાઓમાં જરૂરી ન્યૂનતમ સજા શરૂ કરાઈ છે. ૬ ગુનાઓમાં સામાજિક સેવાનો દંડ રહેશે. તો ૧૯ કલમોને ખતમ કરી દેવાઈ છે.

ધરપકડ, તપાસ અને કેસ ચલાવવાની પ્રક્રિયા સીઆરપીસીમાં લખાયેલી છે. સીઆરપીસીમાં ૪૮૪ કલમો હતી. હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં ૫૩૧ કલમો હશે. ૧૭૭ કલમોને બદલી દેવામાં આવી છે. ૯ નવી કલમો જોડવામાં આવી છે અને ૧૪ને ખતમ કરી દેવાઈ છે.: કેસના તથ્યોને કેવી રીતે સાબિત કરવામાં આવશે, નિવેદનો કેવી રીતે દાખલ થશે, એ તમામ ઈન્ડિયન એવિડન્સ એક્ટમાં છે. જેમાં પહેલા ૧૬૭ કલમો હતી. ભારતીય સાક્ષ્ય સંહિતામાં ૧૭૦ કલમો હશે. ૨૪ કલમોમાં ફેરફાર કરાયા છે. બે નવી કલમો જોડવામાં આવી છે, જ્યારે ૬ કલમોને હટાવી દેવાઈ છે.

આઈપીસીમાં કલમ ૧૨૪એહતી, જેમાં રાજદ્રોહના ગુનામાં ત્રણ વર્ષથી લઈને આજીવન કેદની સજાની જોગવાઈ હતી. બીએનએસ(ભારતીય ન્યાય સંહિતા)માં રાજદ્રોહની જગ્યાએ 'દેશદ્રોહ' લખવામાં આવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, દેશ વિરૂદ્ધ કોઈ ન બોલી શકે અને તેના હિતોને નુકસાન ન પહોંચાડી શકે. દેશદ્રોહના આરોપીને આકરામાં આકરો દંડ મળવો જોઈએ. બીએનએસમાં કલમ ૧૫૦માં 'દેશદ્રોહ'થી જોડાયેલી જોગવાઈ કરવામાં આવી છે. કલમ ૧૫૦માં તેને 'ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડતાને ખતરામાં મૂકનારા કૃત્ય' તરીકે સામેલ કરાઈ છે. બીએનએસમાં એવું કરનારા પર દોષી સાબિત થવા પર ૭ વર્ષની સજાથી લઈને આજીવન કારાવાસ સુધીની જોગવાઈ છે. આ સાથે દંડ પણ ફટકારાશે.

## પેપર લિક થતાં યુપી પોલીસ ભરતીની પરીક્ષા રદ, છ મહિનામાં ફરી લેવાશે

લખનઉ, તા.૨૬

ઉત્તર પ્રદેશમાં પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર ફૂટ્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને યોગી સરકારે ઉત્તર પ્રદેશ પોલીસ કોન્સ્ટેબલની ભરતી રદ કરી દીધી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક્સ પોસ્ટ કરીને લખ્યું 'યુપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા રદ કરવામાં આવી છે અને આગામી ૬ મહિનામાં ફરી પરીક્ષા લેવાના આદેશો આપવામાં આવશે.

# ભેંસાણની સરકારી વિનયન કોલેજમાં ગાંધી ફિલોસોફી વિશે રાજ્ય કક્ષાનો વર્કશોપ યોજાયો

ભેંસાણ તા.૨૬

તા. ૨૪-૨-૨૦૨૪ શનિવારના રોજ ભેંસાણની સરકારી વિનયન કોલેજ મુકામે, **KCG** અને **SQAC** અંતર્ગત "ગાંધી ફિલોસોફી પાસ્ટ એન્ડ પ્રેઝેન્ટ" વિષય પર રાજ્ય કક્ષાનો વર્કશોપ યોજાયો હતો.

આ વર્કશોપની શરૂઆત પ્રાર્થના,"વૈષ્ણવજન તો તેને રે કહીયે" ભજનથી કરવામાં આવી ત્યાર બાદ મહેમાનોનું પૃષ્પ ગુચ્છથી હાદિક સ્વાગત, દિપ પ્રાગ્રટય કરવામાં આવ્યું હતું. આચાર્ય ડો.યોગેશ કુમાર પાઠક સાહેબે પ્રાસંગિક પ્રવચન આપીને મહેમાનોનું હાર્દિક સ્વાગત કરેલુ, **SQAC** વર્કશોપના કોર્ડીનેટર ગુરનાણી સાહેબે ગાંધી ફિલોસોફી વિશે પરિચય આપેલો હતો. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે રાજકોટ ની ધર્મેન્દ્રસિંહ આર્ટસ કોલેજના પ્રો. ડો.ધર્મેશ પરમાર અને જામનગરની ડી.કે.વી. કોલેજના પ્રો. ડો. કરણસિંહ રાઠોડએ ગાંધીજીનાં સત્ય, અહિંસા, પરોપકાર, દેશ ભક્તિના મૂલ્યો અંગે ઉડાણ પુર્વકનું વકતવ્ય આપેલું હતુ.આ વર્કશોપમાં અલગ અલગ કોલેજનાં પ્રિન્સિપાલ, અધ્યક્ષ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ



જોડાયા હતા. આ વર્કશોપમાં કોલેજના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ ગાંધીજીના જીવન સંદેશ વિશે પોસ્ટર પ્રદર્શન રાખવામાં આવેલ હતુ. આ વર્કશોપના કોર્ડીનેટર પી.જી ગુરનાણીએ સમગ્ર આયોજન કરેલું હતું. ડોક્ટર સંજય બંધીયાએ તેમજ ડોક્ટર પંકજ સોંદરવાએ એન્કરિંગ કર્યું હતું. કાર્યક્રમની આભાર વિધી ડોક્ટર ડો. પી.જી ગુરનાણીએ કરી હતી. આ વર્કશોપને સફળ બનાવા સમગ્ર કોલેજના અધ્યાપકોએ અને વિદ્યાર્થીઓને ખુબજ જહેમત ઉઠાવી સફળ બનાવેલ.

# આદિત્યાણા ગામનું ગૌરવ



(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૨૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અમદાવાદ દ્વારા લેવાયેલ સિવિલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ સેમેસ્ટર ૫ ની પરિક્ષામા પોરબંદર પોલીટેકનીક કોલેજનો સ્ટુડન્ટ માધવ પ્રકાશ પંડિત ૯.૮૫ એસ.પી.આઈ. ૯.૮૨ સી.પી.આઈ માર્ક્સ સાથે સમગ્ર ગુજરાતભરમા સતત પાંચમી વાર બીજા ક્રમાંકે જીટીયુમા ઉતિર્ણ થયેલ છે. તેમજ પોલીટેકનીક કોલેજ પોરબંદરમા પ્રથમ ક્રમાક મેળવેલ છે આ સીધ્ધી બદલ કોલેજના સીવીલ ડિપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. કુકડીયા, પ્રીન્સીપાલ ઝાલા, એપ્લાઈડ મીકેનીક્સ વિભાગના હેડ ખુંટી તથા અન્ય પ્રોફેસરોએ માધવને અભ્યાસમા ખૂબ આગળ વધી તરક્કી કરે તેવી શુભેચ્છા સહ શુભકામના પાઠવેલ માધવે સમસ્ત બ્રહ્મસમાજ અને આદિત્યાણા ગામ,પોરબંદર જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

# જામનગર ડિસ્ટ્રિક્ટ બેંકના સભાસદના વારસદારને ક્લેઈમનો ચેક અર્પણ કરાયો

જામ ખંભાળિયા, તા. ૨૬

ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેક્ર લિમિટેડ - લાલપુર સંયોજિત શ્રી રીંજપર સેવા સહકારી મંડળી લિમિટેડના સભાસદ કુલદીપસિંહ રઘુભા જાડેજાનું તાજેતરમાં અકસ્માતે અવસાન થતાં ડિસ્ટ્રિક્ટ કો - ઓપરેટિવ બેક્ર લિમિટેડના અંગત સભાસદ અકસ્માત વીમા યોજના અન્વયે મૃતકના વારસદાર રાજેન્દ્રસિંહ જાડેજાને વિમા ક્લેમના રૂપિયા પાંચ લાખનો ચેક બેંકના ડાયરેક્ટર અશોકભાઈ લાલના હસ્તે સુપ્રત કરવામાં આવ્યો હતો.

કાપડ મંત્રાલય
ભારત સરકાર

Bharat tex 2024
Global Textile Expo
New Delhi | Feb 26-29

TEXTILES
FASHION
SUSTAINABILITY



# ભારતનું સૌથી મોટું વૈશ્વિક ટેક્સટાઈલ આયોજન

## ભારત ટેક્સ-2024 નો શુભારંભ

**નરેન્દ્ર મોદી**
**વડાપ્રધાન**
નાં હસ્તે

26 ફેબ્રુઆરી, 2024 | સવારે 10:30 કલાકે

**ભારત મંડપમ્, નવી દિલ્હી**

10,000+ વસ્ત્ર ઉત્પાદકો | 3,000+ વિદેશી ખરીદદાર | 50+ સંમેલન અને સેમિનાર | 3,500+ બ્રાન્ડ શોકેસ

### માનનીય વડાપ્રધાનનાં દૂરદર્શી નેતૃત્વમાં પરિવર્તનશીલ પહેલ

- પીએમ મિત્ર પાર્ક યોજના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરશે, જેમાં રૂા. ૭૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ થશે, ૨૦ લાખથી વધુ નોકરીનું સર્જન થશે
- સમર્થ યોજના કૌશલ વિકાસ તથા આયોજન માટે ૮૭ ટકા લાભાર્થી મહિલાઓ
- રાષ્ટ્રીય તકનીકી વસ્ત્ર મિશન ભારતમાં તકનીકી વસ્ત્રનાં મજબૂતીકરણ માટે રૂા. ૧,૪૮૦ કરોડની યોજના
- ૬૫ લાખ આધાર આધારિત ઓળખ કાર્ડ વણકરો અને કારીગરો માટે
- રાજ્ય અને કેન્દ્રીય કર તથા લેવી (આરઓએસસીટીએલ)માં છૂટ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવી
- પીએલઆઈ સ્કીમ : એમએમએફ તથા તકનીકી વસ્ત્રનાં પ્રોત્સાહન માટે આથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂતી મળશે, રૂા. ૨૫,૦૦૦ કરોડનું રોકાણ થશે, ૨.૫ લાખ નવી નોકરીનું સર્જન થશે

**ડીડી ન્યૂઝ પર સીધું પ્રસારણ**

નોંધણી માટે ક્યુઆર કોડ સ્કૅન કરો

કોન્સોર્ટિયમ ઓફ ટેક્સટાઈલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (EPCs)